RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Date:- 29-07-2026 I VOL : 12 I Issue : 134 I Page : 8 I Price : 1.00/-

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

**સુવિચાર**


હંમેશા શીખતા રહો. જીવનમાં બહાના નહીં, પરિણામ મહત્વનું છે.

3

બેટ દ્વારકા મંદિરના 200 કરોડના ખજાનામાં અયોધ્યા જેવી મોટો ખેલ

4

ભારતની પ્રથમ ડાયરેક્ટ કોમર્શિયલ કન્ટેનર માલગાડી નેપાળ પહોંચી

6

ગ્લેમરસ ઈમેજ છોડી વાણી કપૂર બનશે હવે 'સર્વગુણ સંપન્ન'

7

શ્રીલંકા ટેસ્ટ સિરીઝ માટે ભારતીય ટીમની જાહેરાત

## પ્રિયંકા ગાંધીની પ્રહ્લાદ જોશી પર ટિપ્પણી, સંસદમાં ભારે હોબાળો

# એક એવી વ્યક્તિને શિક્ષણમંત્રી બનાવ્યા જેમણે ગર્ભવતી મહિલાના બળાત્કારીઓની મુક્તિ પર સહમતિ વ્યક્ત કરી

### રિજિજુ બોલ્યા- શિક્ષણ મંત્રીનું ચારિત્ર્ય હનન કરવાનો પ્રયાસ, માફી માંગો; પ્રિયંકાનો જવાબ- પુરાવા આપીશ

નવી દિલ્હી

લોકસભામાં બપોરે 2 વાગ્યાથી પેપર લીક સંબંધિત 'પબ્લિક એક્ઝામિનેશન (અયોગ્ય સાધનોની રોકથામ) સુધારા વિધેયક, 2026' પર ચર્ચા શરૂ થઈ ગઈ છે. વિધેયકમાં 2024માં બનેલા કાયદામાં ફેરફારનો પ્રસ્તાવ છે. કેન્દ્રીય રાજ્ય મંત્રી જિતેન્દ્ર સિંહે કહ્યું કે તેનાથી પેપર લીક રોકવામાં મદદ મળશે. પ્રિયંકા ગાંધીએ સરકારને સવાલ કર્યો કે વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જ અને પેલેટ ગન ચલાવવાનો અધિકાર કોણે આપ્યો. પ્રિયંકાએ કહ્યું- એક એવી વ્યક્તિને શિક્ષણમંત્રી બનાવ્યા જેમણે ગર્ભવતી મહિલાના બળાત્કારીઓની મુક્તિ પર સહમતિ વ્યક્ત કરી. આ પછી સત્તા પક્ષે હોબાળો કર્યો. રિજિજુ, નિશિકાંત દુબે અને જોશીએ વિરોધ કર્યો અને કહ્યું કે પહેલાં પ્રિયંકા આ વાતનો પુરાવો આપે અને માફી માંગે. પ્રિયંકાનો જવાબ- જોશીજીએ બિલકિસ બાનોના બળાત્કારીઓ પર નિવેદન આપ્યું તેનો પુરાવો હું મોકલી આપીશ. કેસી વેણુગોપાલે કહ્યું- તેમણે ઈન્દિરા ગાંધીનું નામ લીધું છે. તમે હટાવી શકતા નથી. નિશિકાંત બોલ્યા- મેં નેહરુજીનું નામ લીધું હતું અને આજે પણ મારા નિવેદન



પર કાયમ છું. પ્રહ્લાદ જોશીએ કહ્યું- મારા વિશે જે બોલવામાં આવ્યું તેના પર મને અગાઉથી જણાવવામાં આવ્યું ન હતું. સ્પીકરે અટકાવ્યા- ગૃહમાં આ બિલ પર જ ચર્ચા થશે. તમે ફક્ત વિધેયક પર જ બોલો. શિક્ષણમંત્રી પ્રહલાદ જોશી બિલકિસ બાનો કેસના દોષિતોની મુક્તિ અંગેના જૂના નિવેદનને કારણે વિપક્ષના નિશાના પર આવ્યા છે. રાહુલ અને પ્રિયંકા ગાંધીએ આ મુદ્દે કેન્દ્ર સરકાર અને PM મોદી પર આકરા પ્રહારો કર્યા છે.

### ગુજરાતના બિલકિસ બાનો કેસ અંગે પ્રહલાદ જોશીનું જૂનું નિવેદન સામે આવતાં જ રાહુલ-પ્રિયંકા આક્રમક

## રાહુલ ગાંધીના પ્રહલાદ જોશી પર આકરા પ્રહારો

સંસદ બહાર પત્રકારો સાથે વાત કરતા રાહુલ ગાંધીએ કહ્યું કે, 'આટલા બધા યુવાનો અને ઘણી છોકરીઓ શિક્ષણ વ્યવસ્થા સામે વિરોધ પ્રદર્શન કરી રહી હતી. તેમને માર મારવામાં આવ્યો. ભાજપે એક એવા વ્યક્તિને બેસાડ્યા છે જે દુષ્કર્મીઓના રક્ષક છે? તેઓ સૌથી ગંદા પ્રકારના માણસ છે.' રાહુલ ગાંધીએ વધુમાં ઉમેર્યું કે, 'એવા વ્યક્તિથી વધુ ગંદુ કોઈ ન હોઈ શકે જે એમ કહે કે દુષ્કર્મીઓને સુરક્ષાની જરૂર છે. આ ભારતના શિક્ષણ મંત્રી છે, જે ખૂબ અજીબ છે. વડાપ્રધાનના મંત્રીમંડળમાં આટલા બધા લોકો છે, તેઓ તેમાંથી કોઈની પણ પસંદગી કરી શકતા હતા, પરંતુ તેમણે એવા વ્યક્તિને પસંદ કર્યા જે દુષ્કર્મીઓને સંરક્ષણ આપે છે.' પ્રિયંકા ગાંધીએ પણ ગૃહમાં આ નિર્ણય સામે વાંધો ઉઠાવતા પૂછ્યું કે, 'વડાપ્રધાને નવા શિક્ષણ મંત્રી તરીકે એવા વ્યક્તિને સત્તા પર બેસાડ્યા છે જેમણે એક ગર્ભવતી મહિલાના દુષ્કર્મીઓની મુક્તિ પર પોતાની સંમતિ આપી હતી.

## દેશમાં 'વન ઓફિસર, વન કાર...' નીતિ લાગુ

### હવે ઓફિસરો બે-બે કારમાં ફરી શકશે નહીં; કોને થશે અસર?

નવી દિલ્હી

દેશમાં 'એક અફસર એક વાહન' નીતિ લાગુ થઈ ગઈ છે. કેન્દ્ર સરકારે નોટિફિકેશન બહાર પાડીને નવા નિયમોનું સખત પાલન કરવાના આદેશ આપ્યા છે. નાણા મંત્રાલયના ફાયનાન્સ વિભાગ દ્વારા મેમોરેન્ડમ બહાર પાડીને તમામ રાજ્યોને નોટિસ મોકલી દેવામાં આવી છે. સરકારી આદેશ અનુસાર, હવે એક સરકારી અધિકારીને એક જ સરકારી ગાડી મળશે. જો અધિકારીને પહેલાથી જ એક ગાડી મળેલી હશે, તો વધારાની જવાબદારી મળવા છતાં તેમને બીજી ગાડી નહીં મળે. એક કાર મળી તો બીજી કાર નહીં મળે કેન્દ્ર સરકારે સરકારી વાહનોના દુરુપયોગ પર રોક લગાવવા અને સરકારી ખર્ચમાં કાપ મુકવા માટે નવી નીતિ લાગુ કરી છે. આજે 28 જુલાઈથી જ દેશભરના અધિકારીઓ માટે 'એક અધિકારી, એક સરકારી ગાડી'ની પોલિસી લાગુ થઈ ગઈ છે. હવે જો કોઈ અધિકારી કોઈ મંત્રાલય, વિભાગ, જાહેર ક્ષેત્રના ઉપક્રમ (PSU) અથવા સ્વાયત્ત સંસ્થાનો વધારાનો કાર્યભાર સંભાળી રહ્યા હોય, તો તેમને બીજી સરકારી કાર નહીં મળે, જો તેમને પહેલાથી જ એક કાર મળેલી હોય. આદેશમાં એ પણ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે કેન્દ્ર સરકારના અધિકારીઓ જાહેર ક્ષેત્રના ઉપક્રમો, સ્વાયત્ત સંસ્થાઓ કે અર્ધ-સરકારી સંગઠનોના વાહનોનો ઉપયોગ પણ કરી શકશે નહીં. જોકે, જો અધિકારી કોઈ ઓફિશિયલ પ્રવાસ કે સરકારી કામકાજ સંબંધિત સંસ્થામાં હાજર હોય, તો તે સ્થિતિમાં વાહનનો ઉપયોગ કરી શકાશે. વિભાગે જણાવ્યું કે આ આદેશ સપ્ટેમ્બર 2022માં જાહેર કરાયેલા દૃષ્ટિકોણને વધુ અસરકારક રીતે લાગુ કરવાના હેતુથી બહાર પાડવામાં આવ્યો છે.

## એક નજર...

### રેડ ઓફ શોલ્ડર ગાઉનમાં ઝારા યાસ્મિનનો બોલ્ડ અવતાર



ઝારા યાસ્મીનની તસવીરો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહી છે. આ તસવીરોમાં ઝારા યાસ્મીન રેડ કલરનો બોડીકોન ડ્રેસ પહેરી રહી છે.8 જાન્યુઆરી 1994ના રોજ આસામમાં જન્મેલી ઝારા યાસ્મીન એક મોડલ અને બિઝનેસવુમન પણ છે. તેનું અસલી નામ રૂખસાર યાસ્મીન છે. તેણે ઘણા મ્યુઝિક વીડિયોમાં કામ કર્યું છે.

## NEWS TRACK

### 76 હજાર કેસ અને રૂ. 52 હજાર કરોડમાં સેટલમેન્ટ! જોહ્‌સન & જોહ્‌સનના પાવડરથી કેન્સરના દાવામાં વળાંક

પ્રસિદ્ધ હેલ્થકેર કંપની જોહ્‌સન ઍન્ડ જોહ્‌સન (J&J) યુનાઈટેડ સ્ટેટ્સમાં તેના બેબી પાવડર અને અન્ય ટેલ્ક-યુક્ત ઉત્પાદનોથી ઓવેરિયન કેન્સર થવાના આક્ષેપ સાથે જોડાયેલા અંદાજે 76,000 કેસોના નિકાલ માટે 5.5 અબજ ડૉલરના પ્રસ્તાવિત કરાર પર સહમત થઈ ગઈ છે. અહેવાલ મુજબ, આ સમજૂતી કોર્પોરેટ ઈતિહાસના સૌથી મોટા અને લાંબા સમયથી ચાલી રહેલા પ્રોડક્ટ લાયબિલિટી કેસોમાંના એકનો અંત લાવી શકે છે. તમામ દાવાઓ આવરી લેવાશે આ પ્રસ્તાવિત સેટલમેન્ટ (સમજૂતી) અમેરિકાની ફેડરલ અને સ્ટેટ કોર્ટોમાં દાખલ કરાયેલા અંદાજે 76,000 હાલના દાવાઓને આવરી લે છે, જે હેલ્થકેર જાયન્ટ સામેના બાકી રહેલા ઓવેરિયન કેન્સરના લગભગ તમામ કેસોનું પ્રતિનિધિત્વ કરે છે. આ કરાર ત્યારે જ પ્રભાવી બનશે જ્યારે ઓછામાં ઓછા 95% ક્લેમર્સ આ ડીલને સ્વીકારશે. આ કાનૂની લડાઈ એક દાયકા કરતાં વધુ સમયથી ચાલી રહી છે. જેમાં અનેક કોર્ટ ટ્રાયલ, અપીલો અને કંપનીના ત્રણ અસફળ બેંકરપ્સી પ્રયાસોનો સમાવેશ થાય છે.

### જાપાનમાં 7.1 ની તીવ્રતાનો ભૂકંપ! તટીય વિસ્તારોમાં સુનામીની ચેતવણીથી અફરાતફરી

જાપાનના દક્ષિણી મુખ્ય ટાપુ ક્યુશુના કુમામોટો પ્રીફેક્ચરમાં 7.1 ની તીવ્રતાનો શક્તિશાળી ભૂકંપ આવ્યો છે. જાપાન મેટિયોરોલોજિકલ એજન્સી (JMA) ના જણાવ્યા અનુસાર, આ ભૂકંપનું કેન્દ્ર સમુદ્ર સપાટીથી 10 કિલોમીટરની ઊંડાઈએ હતું. ભૂકંપ બાદ અધિકારીઓએ સુનામીની ચેતવણી જારી કરી છે. જેમાં 1 મીટર (3.28 ફૂટ) સુધીની ઊંચી લહેરો આવવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. લોકોને નિયમોનું પાલન કરવા અપીલ દરિયાકાંઠાના વિસ્તારોમાં રહેતા લોકોને તાત્કાલિક ઊંચાણવાળા વિસ્તારોમાં ખસી જવા અને સત્તાવાર બચાવ સૂચનાઓનું પાલન કરવા તાકીદ કરવામાં આવી છે. બ્રોડકાસ્ટર NHK ના અહેવાલ મુજબ, આ સ્તર સુધીની લહેરો પહેલેથી જ નોંધાઈ ચૂકી હોઈ શકે છે. જાપાન સરકારે ક્યુશુ આઈલેન્ડના કુમામોટો, નાગાસાગી, કાગોશિમા, ફુકુઓકા, સાગા, ઓઈતા અને મિયાઝાકી પ્રીફેક્ચર્સ માટે કટોકટી ભૂકંપ ચેતવણીઓ જારી કરી છે. નોંધનીય છે કે એક અઠવાડિયામાં આ પ્રકારનો આ બીજો ભૂકંપ છે.

# પૂર્વ અમદાવાદમાં પીયૂષ દેસાઈ અને કૃણાલ દેસાઈનું કરોડોનું 'હપ્તા રાજ': 5 પોલીસ સ્ટેશનો બાનમાં લઈ ખાનગી સામ્રાજ્ય ઊભું કરનારા બે મુખ્ય સૂત્રધારો સામે ક્યારે થશે કડક કાર્યવાહી?

## મેઘાણીનગર, અમરાઈવાડી, નરોડા, ઓઢવ અને કૃષ્ણનગરમાં એક જ વહીવટદારની 'સમાંતર સત્તા'! બદલી અને સસ્પેન્શન છતાં વિવાદિત વહીવટદાર પીયૂષ દેસાઈનું 'સેટિંગ'! ACB, PCB, DCP કે પોલીસ કમિશનર કેમ મૌન?

અમદાવાદ

અમદાવાદના પૂર્વ વિસ્તારમાં આવેલા કૃષ્ણનગર પોલીસ સ્ટેશનમાં હાલ 'ચા કરતા કીટલી ગરમ' જેવો ઘાટ સર્જાતાં આખું પોલીસ બેડું શરમાઈ ગયું છે. કૃષ્ણનગર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા ASI રાજેન્દ્ર પટેલ નામના કર્મચારી પોતાની પરની તમામ ખાખી મર્યાદાઓ ઓળંગીને પી.આઈ. (PI) અને એસીપી (ACP) કક્ષાના સિનિયર અધિકારીઓને પણ ગોળીને પી ગયા હોય તેવા ચોંકાવનારા દ્રશ્યો સર્જાયા છે.

પરંતુ આ ખાખી વર્ધીના અહંકાર પાછળનો અસલી ખેલ તો કરોડો રૂપિયાના 'હપ્તા રાજ' અને ગેરકાયદેસર કાળા કારોબારનો છે. પૂર્વ અમદાવાદના કૃષ્ણનગર, મેઘાણીનગર, અમરાઈવાડી, ઓઢવ અને નરોડા પોલીસ સ્ટેશનો પર ખાખીધારીઓનું નહીં, પરંતુ ખાનગી વહીવટદારોનું સામ્રાજ્ય ચાલી રહ્યું હોવાનો ગંભીર ધડાકો થયો છે!

### 5-5 પોલીસ સ્ટેશનોનો વહીવટ એક જ શખ્સના હાથે? ગૃહ વિભાગ અને કમિશનરની સત્તાને ખુલ્લો પડકાર!

અગાઉ અનેક વિવાદોમાં સસ્પેન્ડ થઈ ચૂકેલો અમદાવાદનો કથિત અને કુખ્યાત વહીવટદાર પીયૂષ દેસાઈ ફરી એકવાર ચર્ચાના કેન્દ્રસ્થાને આવ્યો છે.

જિલ્લા બહાર બદલી છતાં સેટિંગ: પીયૂષ દેસાઈની કાગળ પર અમદાવાદ બહાર બદલી થઈ ગઈ હોવા છતાં, તે અમદાવાદ છોડવા તૈયાર નથી. કયા આકાઓના સેટિંગથી આ વિવાદિત શખ્સ અમદાવાદમાં જ હાજર રહીને 'સમાંતર સત્તા' ચલાવે છે?

કૃષ્ણનગર, મેઘાણીનગર, અમરાઈવાડી, ઓઢવ અને નરોડામાં નેટવર્ક: આક્ષેપ છે કે આ એક જ શખ્સ પૂર્વ અમદાવાદના કૃષ્ણનગર, મેઘાણીનગર, અમરાઈવાડી, ઓઢવ અને નરોડા પોલીસ સ્ટેશનના પી.આઈ., સેક્ટર સાહેબ અને ઉચ્ચ અધિકારીઓનો તમામ નાણાકીય વહીવટ (હપ્તા ઉઘરાણી) સંભાળી રહ્યો છે. સમગ્ર અમદાવાદને આ સિન્ડિકેટે બાનમાં લીધું છે.

પેટા-વહીવટદારોની આખી 'ફોજ' ફિલ્ડમાં ઉતારી દેવાઈ:

### પીયૂષ દેસાઈના ઈશારે અલગ-અલગ પોલીસ સ્ટેશન વાઈઝ પેટા-વહીવટદારો ખુલ્લેઆમ રોકડ ઉઘરાવી રહ્યા છે:

અમરાઈવાડી પોલીસ સ્ટેશન: ભરતભાઈ
ઓઢવ પોલીસ સ્ટેશન: જયેશભાઈ
નરોડા પોલીસ સ્ટેશન: ગઢવી
મેઘાણીનગર પોલીસ સ્ટેશન: ચંદુભા
કૃષ્ણનગર પોલીસ સ્ટેશન: પીયૂષ દેસાઈનો ખાસ ભાઈ કૃણાલ દેસાઈ

આ પેટા-વહીવટદારોની ફોજ દર મહિને કરોડો રૂપિયાના હપ્તા દારૂ-જુગાર અને વરલી-મટકાના અડ્ડાઓ પરથી ઉઘરાવી રહી છે.

૨૦ થી ૨૫ લાખનો 'પોસ્ટિંગ ખર્ચ' અને ઝેરી કેમિકલવાળા દારૂનું વેચાણ!

### સૂત્રો પાસેથી મળતી અત્યંત સનસનાટીભરી માહિતી મુજબ:

પી.આઈ. ની બદલીનું ગણિત: અમદાવાદના નરોડા, અમરાઈવાડી, મેઘાણીનગર, ઓઢવ કે કૃષ્ણનગર જેવા મલાઈદાર પોલીસ સ્ટેશનનો ચાર્જ મેળવવા કે બદલી કરાવવા માટે ૨૦ થી ૨૫ લાખ રૂપિયા સુધીનો ખર્ચો કરવામાં આવે છે.

હપ્તાની રિકવરી: આ રોકાણ વસૂલવા માટે જ પાંચેય પોલીસ સ્ટેશન વિસ્તારમાં ખુલ્લેઆમ દેશી-વિદેશી દારૂના અડ્ડા, વરલી-મટકા અને જુગારધામો ચલાવવાની છૂટ આપવામાં આવે છે.

વિસ્તારમાં ઝેરી કેમિકલવાળો દારૂ: નરોડા, મેઘાણીનગર, ઓઢવ અને અમરાઈવાડીના ગીચ રહેણાંક વિસ્તારોમાં કેમિકલયુક્ત ઝેરી દારૂનું બેફામ વેચાણ થઈ રહ્યું છે. આ હપ્તાખોરી ભવિષ્યમાં કાનપુર કે બોટાદ જેવા મોટા લઠ્ઠાકાંડને આમંત્રણ આપી રહી છે.

### 'પાક્કો ગુજરાત'ના સીધા, સણસણતા અને તીખા સવાલો

૧. જો મેઘાણીનગર, અમરાઈવાડી, ઓઢવ, નરોડા કે કૃષ્ણનગર વિસ્તારમાં આ ઝેરી કેમિકલવાળા દારૂના કારણે કોઈ મોટો લઠ્ઠાકાંડ સર્જાય અને નિર્દોષ લોકોના જીવ જાય, તો તેનો જવાબદાર કોણ? હપ્તાખોર વહીવટદાર પીયૂષ દેસાઈ કે આંખ આડા કાન કરતા પી.આઈ. અને ઉચ્ચ અધિકારીઓ?

૨. જેની બદલી થઈ ગઈ છે અને જે અગાઉ સસ્પેન્ડ થઈ ચૂક્યો છે, તે પીયૂષ દેસાઈ ૫-૫ પોલીસ સ્ટેશનોનો મહિને કરોડો રૂપિયાનો હપ્તો ઉઘરાવીને અબજોનો આસામી કેવી રીતે બની ગયો?

૩. PCB સ્કવોડ, DCP, સેક્ટર અધિકારીઓ કેમ લાચાર? પીયૂષ દેસાઈ અને તેના પેટા-વહીવટદારો સામે કાર્યવાહી કરવાની કોઈની તાકાત કેમ નથી ચાલતી? શું ઉપર સુધી કમિશનની ટકાવારી પહોંચે છે?

૪. એન્ટી કરપ્શન બ્યુરો (ACB) અને અમદાવાદ પોલીસ કમિશનર આ કથિત વહીવટદારો અને કરોડોની કમાણી કરનારા પી.આઈ. તથા પોલીસ કર્મચારીઓની મિલકતોની તપાસ કેમ નથી કરતા?

### હવે તો જાગો, ગૃહ વિભાગ અને કમિશનર સાહેબ!

પ્રજાની સુરક્ષા માટે મુકાયેલી પોલીસ જ્યારે માત્ર ખાનગી વહીવટદારોના ઈશારે નાચતી થઈ જાય અને દારૂ-જુગારના અડ્ડાઓમાંથી હપ્તા રોકડા કરવામાં જ મસ્ત રહે, ત્યારે સમગ્ર પૂર્વ અમદાવાદમાં કાયદા અને વ્યવસ્થાની સ્થિતિ રામ ભરોસે બની જાય છે. શું સરકાર આ ગંભીર બાબતની નોંધ લઈને હપ્તા રાજનો ખાતમો બોલાવશે અને આ વહીવટદારોની ફોજને જેલના સળિયા પાછળ ધકેલશે, કે પછી 'સબ સેટ હૈ' કહીને મૌન સેવી લેવાશે? સમગ્ર ગુજરાતની નજર હવે સરકાર અને ગૃહ વિભાગના એક્શન પર છે!

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

# સરકારી જમીન ફાળવણીની પ્રક્રિયા વધુ સરળ અને ઝડપી બનશે : કલેક્ટર અને DDOની સત્તામાં વધારો

ગાંધીનગર

રાજ્ય સરકાર દ્વારા સામાન્ય નાગરિકો, સંસ્થાઓ અને વિવિધ વિકાસલક્ષી કાર્યો માટે સરકારી જમીન ફાળવણીની પ્રક્રિયાને વધુ પારદર્શક, સરળ અને ઝડપી બનાવવા માટે એક અત્યંત મહત્વપૂર્ણ અને પ્રજાલક્ષી નિર્ણય લેવામાં આવ્યો છે. જમીન ફાળવણીના નિર્ણયોમાં થતા વિલંબને અટકાવવા અને વહીવટી પ્રક્રિયાને સુવ્યવસ્થિત કરવાના ઉદ્દેશ્યથી જિલ્લા કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારી (DDO)ની નાણાકીય અને જમીન ફાળવણી સંબંધિત સત્તાઓમાં નોંધપાત્ર વધારો કરવામાં આવ્યો છે.

રાજ્ય સરકારના આ વિઝનરી નિર્ણયથી હવે નાના-મોટા હેતુઓ માટે સરકારી જમીન મેળવવા ઈચ્છતા અરજદારોને બિનજરૂરી કાગળિયાની ગૂંચવણો અને લાંબી વહીવટી પ્રક્રિયામાંથી મુક્તિ મળશે. અગાઉ નાની-મોટી જમીન ફાળવણીની મંજૂરીઓ માટે પણ અરજીઓ જિલ્લા કક્ષાએથી ગાંધીનગર ખાતે સચિવાલય સુધી મોકલવી પડતી હતી, જેના કારણે ફાઈલો લાંબા સમય સુધી અટવાઈ રહેતી હતી અને અરજદારોને વારંવાર ગાંધીનગરના ધક્કા ખાવા પડતા હતા.

# રાજકોટના ઇન્દ્રપ્રસ્થ નગરમાં રસ્તાના મુદ્દે નાગરિકોનો આક્રોશ: મહિલાઓએ થાળી વગાડી પાલિકા તંત્ર સામે નોંધાવ્યો વિરોધ

રાજકોટ

રાજકોટ શહેરમાં ચોમાસાની ઋતુ શરૂ થતાં જ બિસ્માર રસ્તાઓની સમસ્યા વિકરાળ બનીને સામે આવી રહી છે. શહેરના ઈન્દ્રપ્રસ્થ નગર વિસ્તારમાં રસ્તાના ધાંધિયા અને કાચા રોડના કારણે હેરાન-પરેશાન થઈ ગયેલા સ્થાનિક રહીશોનો ધીરજનો ઘડો આખરે ફૂટ્યો છે. સ્થાનિક લોકોએ તંત્ર સામે આક્રોશ વ્યક્ત કરતા મોરચો માંડ્યો હતો, જેમાં મોટી સંખ્યામાં જોડાયેલી મહિલાઓએ થાળીઓ વગાડીને મહાનગરપાલિકા સામે અનોખો અને વિશિષ્ટ વિરોધ નોંધાવ્યો હતો. મળતી વિગતો અનુસાર, ઈન્દ્રપ્રસ્થ નગર સોસાયટીમાં મુખ્ય માર્ગ તરફ આવતો રસ્તો છેલ્લા લાંબા સમયથી સાવ કાચો અને બિસ્માર હાલતમાં છે. સામાન્ય દિવસોમાં તો આ રસ્તા પરથી ધૂળની ડમરીઓ ઊડે છે, પરંતુ ચોમાસા દરમિયાન પડેલા વરસાદના કારણે સમગ્ર રસ્તો કાદવ-કીચડમાં ફેરવાઈ જાય છે. કાચા રસ્તા પર ખાડા અને કાદવના સામ્રાજ્યને કારણે વાહનચાલકો, વૃદ્ધો અને નાના બાળકો માટે ઘરમાંથી બહાર નીકળવું પણ મુશ્કેલ બની જાય છે. ચોમાસામાં અનેક લોકો સ્લિપ થઈને પડી જતાં અકસ્માતનો ભોગ પણ બન્યા છે. સ્થાનિકોનો આરોપ છે કે આ કાચા રોડને પાકો બનાવવા માટે રાજકોટ મહાનગરપાલિકા (RMC)ના અધિકારીઓ અને સ્થાનિક નેતાઓને વારંવાર રજૂઆતો કરવામાં આવી છે. આમ છતાં, પાલિકા તંત્ર દ્વારા માત્ર આશ્વાસનો આપવામાં આવે છે, પરંતુ સ્થળ પર કોઈ કામગીરી કરવામાં આવતી નથી. તંત્રના આ ઉપેક્ષિત વલણથી કંટાળીને આખરે સોસાયટીના પુરુષો અને મોટી સંખ્યામાં મહિલાઓ રસ્તા પર ઉતરી આવ્યા હતા. મહિલાઓએ હાથમાં થાળી અને વેલણ લઈને 'કાચો રોડ પાકો કરો' અને તંત્ર વિરોધી સૂત્રોચ્ચાર સાથે થાળીઓ વગાડીને કુંભકર્ણની નિંદ્રામાં પોઢેલા પાલિકા તંત્રને જગાડવાનો પ્રયાસ કર્યો હતો.

# ડભોઈ પોલીસનું 'ઓપરેશન પરાક્રમ': બે વર્ષથી ફરાર પ્રોહિબિશનના વોન્ટેડ આરોપીને વેગા ચોકડી પરથી દબોચી લેવાયો!

ડભોઈ

વડોદરા જિલ્લા પોલીસ દ્વારા નાસતા-ફરતા અને વોન્ટેડ ગુનેગારોને પકડી પાડવા માટે ચલાવવામાં આવી રહેલા વિશેષ 'ઓપરેશન પરાક્રમ' હેઠળ ડભોઈ પોલીસ સ્ટેશનની ટીમને મોટી સફળતા સાંપડી છે. છેલ્લા બે વર્ષથી પ્રોહિબિશનના ગંભીર ગુનાઓમાં નાસતો-ફરતો આરોપી ડભોઈ પોલીસના હાથે ઝડપાઈ ગયો છે. મળતી વિગતો અનુસાર, પોલીસ મહાનિરીક્ષક (IGP) સંદીપસિંહ તથા વડોદરા જિલ્લા પોલીસ અધિક્ષક (SP) રોહન સુશિલ અગ્રવાલ દ્વારા નાસતા-ફરતા આરોપીઓને ઝડપી પાડવા માટે સ્પેશિયલ ઝુંબેશ ચલાવવાની સૂચના આપવામાં આવી હતી. જેના ભાગરૂપે નાયબ પોલીસ અધિક્ષક (DySP) એ.એમ. પટેલના સીધા માર્ગદર્શન હેઠળ ડભોઈ પોલીસ ઈન્સ્પેક્ટર (PI) એ.ટી. પટેલ અને તેમની ટીમ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન પી.આઈ. એ. ટી. પટેલને ચોક્કસ અને સચોટ બાતમી મળી હતી કે, ડભોઈ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા પ્રોહિબિશન (દારૂબંધી)ના બે-બે ગુનાઓમાં છેલ્લા બે વર્ષથી વોન્ટેડ આરોપી સુનીલ મહેતાબ વાસ્કલે વેગા ચોકડી વિસ્તારમાં આવ્યો છે અને ત્યાંથી ખાનગી વાહનમાં મજૂરીકામ અર્થે કાઠિયાવાડ તરફ ભાગવાની પેરવીમાં છે.

# મહુધામાં સસ્તા દરે ડોલર આપવાની લાલચ આપી છેતરપિંડી આચરનાર બે શખ્સો ગણતરીના કલાકોમાં ઝડપાયા

મહુધા/ખેડા

મહુધામાં સસ્તા દરે વિદેશી ચલણ (અમેરિકન ડોલર) પધરાવી દઈને નિર્દોષ નાગરિકો સાથે ઠગાઈ કરતી શાતિર ગેંગનો ખેડા પોલીસે ગણતરીના કલાકોમાં પર્દાફાશ કર્યો છે. સસ્તા ભાડામાં ડોલર આપવાની લાલચ આપી રોકડ રકમ પડાવી લેનાર બે રીઢા ગઠિયાઓને પોલીસે ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીના આધારે દબોચી લીધા છે. મળતી માહિતી મુજબ, આરોપીઓએ ફરિયાદીને વિશ્વાસમાં લઈ ખૂબ જ સસ્તા ભાવે અમેરિકન ડોલર આપવાની લાલચ આપી હતી. લાલચમાં આવી ગયેલા ફરિયાદીને મહુધા વિસ્તારમાં ચોક્કસ સ્થળે બોલાવવામાં આવ્યા હતા. ત્યાં આરોપીઓએ નોટોના બંડલની આડમાં કાગળના ટુકડા કે રમકડાની નોટો પધરાવી દઈને લાખો રૂપિયાની અસલ રોકડ રકમ આંચકી લીધી હતી અને સ્થળ પરથી રફુચક્કર થઈ ગયા હતા. પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાની જાણ થતાં જ પીડિતે મહુધા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# કરજણમાં મહા-ભ્રષ્ટાચાર અને સત્તાનો નગન નાચ: બે નેતાઓની વર્ચસ્વની લડાઈમાં પીસાતી પ્રજા!

## કરજણનો સામગ્રી ઉત્પાદક ખેડૂત દેવાના બોજ તળે દબાયેલો છે, ખાતર અને બિયારણ માટે રઝળપાટ કરે છે, જ્યારે બીજી તરફ જનપ્રતિનિધિઓ અને તેમના મળતિયાઓએ છેલ્લા કેટલાક વર્ષોમાં કરોડો રૂપિયાના બંગલા, લક્ઝુરિયસ ગાડીઓ અને બેનામી જમીનો વસાવી લીધી છે

કરજણ, દિવ્યાંગ શાહ

ગુજરાતનું કરજણ રાજકીય રીતે ફરી એકવાર ઉકળતો ચરૂ બન્યું છે. ગાંધીનગર સુધી ગુંજતી 'વિકાસ'ની ગુલાબી વાતો અને દાવાઓની પાછળની કડવી વાસ્તવિકતા કંઈક જુદી જ છે. કરજણમાં આજે શાસક પક્ષના જ બે કદાવર નેતાઓ વચ્ચેની સત્તા, સંપત્તિ અને વર્ચસ્વની લડાઈ ચરમસીમાએ પહોંચી છે.

એક તરફ 'બાહુબલી' ધારાસભ્ય અક્ષય પટેલ અને બીજી તરફ જૂના જોગી પૂર્વ ધારાસભ્ય સતીશ પટેલ આમને-સામને આવી ગયા છે. આ બે નેતાઓની સત્તાની ભૂખ, આંતરિક ખટપટ અને અહમના ટકરાવમાં કરજણની ભોળી જનતા, વેપારીઓ અને રાત-દિન ખેતરમાં પરસેવો પાડતો 'ધરતીપુત્ર' સંપૂર્ણપણે પિસાઈ રહ્યો છે.



સતીશ પટેલ



અક્ષય પટેલ

### કોંગ્રેસમાંથી આગમન, એકચક્રી શાસન અને APMCનો ખેલ

કોંગ્રેસમાંથી ભાજપમાં પક્ષપલટો કરીને આવેલા અક્ષય પટેલે કરજણ વિધાનસભા ક્ષેત્રમાં ભાજપનું મેન્ડેટ મેળવી જીત દર્જ કર્યા બાદ પાછું વળીને જોયું નથી. તાલુકાના રાજકારણથી લઈને સરકારી યોજનાઓ સુધી પોતાનો સિક્કો જમાવી દીધો છે. પરંતુ તાજેતરમાં કરજણ APMC (ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ) ની ચૂંટણીમાં જ્યારે અક્ષય પટેલને ભાન થયું કે તેમના ઉમેદવારને પૂરતા મત મળે તેમ નથી અને હાર નિશ્ચિત છે, ત્યારે આખી ચૂંટણી જ રદ કરાવી દેવાનો કાળો ખેલ ખેલાયો હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે.

સત્તાનો આટલેથી અંત ન આવ્યો; પોતાના જ પક્ષના અને ખેડૂત વર્ગમાં પકડ ધરાવતા જૂના જોગી સતીશ પટેલને મોટો આંચકો આપવા માટે કોટન વિભાગમાંથી સસ્પેન્ડ કરાવી દેવાયા. અક્ષય પટેલે આ રીતે સતીશ પટેલને ખુલ્લેઆમ ચેલેન્જ ફેંકી છે. તો સામે પક્ષે સતીશ પટેલ પણ રાજકારણના કાચા ખેલાડી નથી, તેઓ પણ અંદરખાને વળતો પ્રહાર કરવાની તૈયારી કરી રહ્યા છે. આ બંને નેતાઓને માત્ર પોતાની ખુરશી અને વર્ચસ્વની ચિંતા છે, ખેડૂતો કે પ્રજાના પ્રશ્નોની કોઈ પડવા જ નથી.

### ભ્રષ્ટાચારનું સામ્રાજ્ય: રેતી-માટી ખનનથી નેતાઓના ઘર ભરાયા

વડોદરા જિલ્લામાં અને ખાસ કરીને કરજણ નર્મદા નદી અને કુરલ, મિયાગામ જેવા વિસ્તારોમાં જે સ્તરે ભ્રષ્ટાચાર ફેલાયો છે, તેવો કદાચ જ આખા ગુજરાતમાં ક્યાંય જોવા મળે:

બેફામ ખનન માફિયા: કરજણમાંથી પસાર થતી નદીઓ અને સરકારી જમીનોમાંથી રાત-દિવસ કરોડો રૂપિયાની રેતી અને માટીનું ગેરકાયદેસર ખનન થઈ રહ્યું છે. રોયલ્ટી ચોરી અને બિનઅધિકૃત લિઝો દ્વારા સરકારી તિજોરીને ચૂનો લગાડવામાં આવી રહ્યો છે.

નેતાઓની કરોડોની સંપત્તિ: કરજણનો સામગ્રી ઉત્પાદક ખેડૂત દેવાના બોજ તળે દબાયેલો છે, ખાતર અને બિયારણ માટે રઝળપાટ કરે છે, જ્યારે બીજી તરફ જનપ્રતિનિધિઓ અને તેમના મળતિયાઓએ છેલ્લા કેટલાક વર્ષોમાં કરોડો રૂપિયાના બંગલા, લક્ઝુરિયસ ગાડીઓ અને બેનામી જમીનો વસાવી લીધી છે. ધરતીપુત્રના નામે માત્ર રાજકારણ રમાય છે, પણ વિકાસ માત્ર નેતાઓના ઘર સુધી જ સીમિત રહ્યો છે.

### કરજણ નગરપાલિકામાં 'ટેન્ડર રાજ' અને ગુંડાગર્દી

સ્થિતિ માત્ર તાલુકા કે APMC પૂરતી સીમિત નથી, કરજણ નગરપાલિકામાં તો લોકશાહીનું મરશિયું વંચાઈ રહ્યું છે. પ્રમુખથી લઈને ચીફ ઓફિસર અને એન્જિનિયર સુધીની આખી કડી આ ભ્રષ્ટ સિસ્ટમનો હિસ્સો બની ગઈ છે:

દાબ-ધમકીથી ટેન્ડર પાછા ખેંચાવવા: નગરપાલિકામાં કોઈ પણ વિકાસ કાર્યનું ટેન્ડર બહાર પડે એટલે ખુલ્લેઆમ ગુંડાગર્દી શરૂ થઈ જાય છે. જો કોઈ તટસ્થ કે નવો કોન્ટ્રાક્ટર ન્યાયી ભાવે ટેન્ડર ભરે, તો તેને જાનથી મારી નાખવાની કે કેસમાં ફસાવી દેવાની ધમકીઓ આપીને ટેન્ડર પાછું ખેંચવા મજબૂર કરાય છે. પોતાના મળતિયા કોન્ટ્રાક્ટરોને જ કમિશનના ધોરણે કામો સોંપાય છે.

હપ્તા વસૂલી અને અડ્ડાઓ: કરજણ શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં દેશી-વિદેશી દારૂ, જુગારના અડ્ડાઓ અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પરથી નિયમિત ધોરણે હપ્તા વસૂલી થઈ રહી છે.

### તંત્રની લાચારી કે મિલીભગત? સવાલોના ઘેરામાં અધિકારીઓ

સૌથી મોટો અને ગંભીર સવાલ એ છે કે કરજણના એસડીએમ (SDM), જિલ્લા પોલીસ વડા (SP), મામલતદાર અને સ્થાનિક પોલીસ અધિકારીઓ શું કરી રહ્યા છે? ગુંડાગર્દી, હપ્તા વસૂલી અને ભ્રષ્ટાચાર આટલી હદે ખુલ્લેઆમ ચાલતો હોવા છતાં વહીવટી તંત્ર મૌન ધારણ કરીને બેઠું છે.

સ્થાનિક લોકોમાં ચર્ચા છે કે મોટા સાહેબોથી માંડીને નીચેના કર્મચારીઓ સુધી 'માસિક કમિશન' પહોંચી જાય છે, જેના કારણે અધિકારીઓ આંખ આડા કાન કરીને ગાંધીજીના ત્રણ વાંદરા બનીને બેઠા છે.

**કરજણની પ્રજા હવે આ ગુંડાગર્દી અને ભ્રષ્ટાચારથી કંટાળી ચૂકી છે. લોકમુખે હવે એક જ માંગ ઉઠી રહી છે:**

1. **ACB (એન્ટી કરપ્શન બ્યુરો) ની એન્ટ્રી: શું કરજણના આ ભ્રષ્ટ નેતાઓ, નગરપાલિકાના હોદ્દેદારો અને મિલીભગત ધરાવતા અધિકારીઓની સંપત્તિની તપાસ માટે ACB અને ED દ્વારા દરોડા પાડવામાં આવશે?**
2. **મોવડીમંડળની ચુપકીદી: ભાજપનું પ્રદેશ મોવડીમંડળ આ આંતરિક જૂથબંધી અને પ્રજાની પિસાહટ સામે ક્યારે કડક પગલાં લેશે?**
3. **જનતાનો ચુકાદો: જો સરકાર અને તંત્ર સમયસર જાગીને આ નેતાઓ અને અધિકારીઓ સામે કાર્યવાહી નહીં કરે, તો આવનારી સ્થાનિક સ્વરાજ્યની કે વિધાનસભાની ચૂંટણીમાં કરજણની જનતા બેમાંથી એકેય નેતાને માફ નહીં કરે અને વોટની તાકાતથી સણસણતો જવાબ આપશે તે નક્કી છે.**

'પાક્કો ગુજરાત'નો સ્પષ્ટ અવાજ: કરજણની પ્રજા ભય અને ભ્રષ્ટાચારમુક્ત શાસન ઈચ્છે છે. તંત્ર ઊંઘમાંથી જાગે અને દોષિતો સામે કડકમાં કડક કાર્યવાહી કરે તે સમયની માંગ છે!

વરસાદના કારણે એક ભાગ બહાર આવ્યાની શક્યતા

# સાબરમતીના ચીમનભાઈ પટેલ બ્રિજ પર ફૂટપાથમાં બે જગ્યાએ તિરાડ

અમદાવાદ

ઉત્તર ગુજરાતને અમદાવાદ સાથે જોડતા અને સૌથી વ્યસ્ત ગણાતા એવા અમદાવાદના સાબરમતી વિસ્તારમાં ચીમનભાઈ પટેલ બ્રિજ પર ફૂટપાથ ફાટી ગઈ છે. બ્રિજ ઉપર બે જગ્યાએ ફૂટપાથનો ભાગ ફાટી ગયો છે. જેમાં એક જગ્યાએ તો ભાગ ફાટી અને બહાર આવી ગયો છે. તિરાડ પડી હોવાને કારણે ફૂટપાથને પણ નુકસાન થયું છે. ચોમાસા પહેલા કરવામાં રિપોર્ટમાં ચીમનભાઈ પટેલ બ્રિજને માઈનોર રીપેરીંગની જરૂરિયાત છે. જો કે ચીમનભાઈ પટેલ બ્રિજમાં પણ વધુ એક પાંખ બનાવવા કામગીરી કરવામાં આવી રહી છે. ત્યારે ટ્રાફિક વધુ હોવાથી અત્યારે હાલમાં રીપેર કરવામાં આવી રહ્યું નથી. બ્રિજ પ્રોજેક્ટ વિભાગના ઈજનેર જીગ્નેશભાઈએ વાતચીતમાં જણાવ્યું હતું કે, જે પ્રમાણે અત્યારે બ્રિજમાં ફૂટપાથ પર તિરાડ દેખાય છે તે આગળનો ભાગ વાતાવરણના બદલાવના કારણે જોઈન્ટ પાસેથી તિરાડ પડી હોઈ શકે છે. જો કે આ મામલે અમે સ્થળ



પર જઈ ખરેખર બ્રિજના સ્પાનમાં કોઈ તકલીફ છે કે કેમ તેની તપાસ કરીશું. ચીમનભાઈ પટેલ બ્રિજમાં માઈનોર રીપેરીંગ કરવા અંગેનો રિપોર્ટ આવ્યો છે. જો કે તેના માટે અત્યારે હાલમાં નવા બ્રિજની કામગીરી ચાલી રહી છે અને વધારે પડતો ટ્રાફિક હોવાથી બ્રિજ બન્યા બાદ કામગીરી કરીશું.

શહેરના સાબરમતી વિસ્તારમાં ચીમનભાઈ પટેલ બ્રિજ આવેલો છે. જે બ્રિજમાં બે જગ્યા ઉપર ફૂટપાથ પર તિરાડ પડી છે. ફૂટપાથનો કેટલોક ભાગ બહાર આવી ગયો છે. બ્રિજમાં બે સ્પાનના જોડાણની જગ્યામાં ઉપર આવેલી ફૂટપાથમાં તિરાડ પડી ગઈ હોવાની ઘટના સામે આવી છે.

એક જગ્યા ઉપર આખી ફૂટપાથનો ભાગ બહાર આવી ગયો છે. સાબરમતી તરફથી બ્રિજ ચઢતા મધ્ય ભાગ સુધીમાં પહોંચતા જે ઢાળ પર સ્પાનના જોડાણ છે. ત્યાં વચ્ચેના ભાગે ફૂટપાથ ફાટી ગઈ છે અને તિરાડ પડી છે.

'પેપર લીક સરકાર નહીં ચલેગી'

# BAMSનું પેપર લીક થવાના આક્ષેપ સાથે અમદાવાદમાં યૂથ કોંગ્રેસનો ભવ્ય વિરોધ

## કાર્યકર્તાઓની ટીંગાટોળી કરી અટકાયત; શિક્ષણમંત્રીના રાજીનામાની માગ

અમદાવાદ



ગુજરાતમાં શિક્ષણ જગતને શરમસાર કરતી ઘટનાઓ અટકવાનું નામ નથી લઈ રહી. રાજ્યમાં ફરી એકવાર પેપર લીકની ગંભીર આશંકાઓ અને આક્ષેપોને પગલે વિરોધનો વંટાળ ઊભો થયો છે. BAMS (બેચલર ઓફ આયુર્વેદિક મેડિસિન એન્ડ સર્જરી) નું પેપર લીક થયાના સનસનાટીભર્યા આક્ષેપો સાથે આજે અમદાવાદમાં યુથ કોંગ્રેસ દ્વારા રસ્તા પર ઊતરીને ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. 'પેપર લીક સરકાર નહીં ચલેગી' ના ઘૂમરાતા નારાઓથી સમગ્ર વિસ્તાર ગુંજી ઊઠ્યો હતો. સ્થિતિ વણસતાં પોલીસે વિરોધ કરી રહેલા કોંગ્રેસના કાર્યકર્તાઓની ટીંગાટોળી કરીને અટકાયત કરી હતી.

યૂથ કોંગ્રેસના કાર્યકર્તાઓએ આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે, પરીક્ષાઓ આપવા માટે દિવસ-રાત મહેનત કરતા નિર્દોષ અને તેજસ્વી વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે સરકાર અને તંત્ર દ્વારા સતત ચેડાં કરવામાં આવી રહ્યા છે. મેડિકલ જેવા સંવેદનશીલ ક્ષેત્રમાં પણ BAMS ની પરીક્ષાનું પેપર લીક થઈ જવું એ શાસન વ્યવસ્થાની લાચારી અને ભ્રષ્ટાચારની પરાકાષ્ઠા દર્શાવે છે.

વિરોધ પ્રદર્શન દરમિયાન યુથ કોંગ્રેસના નેતાઓ અને કાર્યકર્તાઓએ રાજ્યના શિક્ષણમંત્રી વિરુદ્ધ ભારે સૂત્રોચ્ચાર કર્યા હતા અને તેમના તાત્કાલિક રાજીનામાની માગ દોહરાવી હતી. કોંગ્રેસ નેતાઓએ સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી હતી કે જો આ સમગ્ર મામલે નિષ્પક્ષ અને ઊંડાણપૂર્વકની તપાસ કરીને મુખ્ય સૂત્રધારો સામે કડકમાં કડક કાર્યવાહી કરવામાં નહીં આવે, તો આ આંદોલન માત્ર અમદાવાદ પૂરતું સીમિત નહીં રહે પરંતુ સમગ્ર ગુજરાતમાં ઉગ્ર બનશે. સ્થિતિ પર કાબૂ મેળવવા માટે પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો.

# 1 ઓગસ્ટથી ખિસ્સા પર પડશે સીધી અસર: LPG, RBI રેપો રેટ, ITR અને GST સહિત બદલાઈ રહ્યા છે મોટા નિયમો!

## વેપારીઓ અને બિઝનેસમેન માટે પણ 1 ઓગસ્ટથી GST નિયમોમાં ફેરફાર થઈ રહ્યો છે, ખાસ કરીને ઈ-ઇનવોઇસિંગ (E-invoicing) અને ટેક્સ ક્રેડિટ દાવો કરવા માટેના નિયમોમાં સરકારે આકરા ફેરફારો કર્યા છે. નિયમોનું પાલન ન કરનાર વેપારીઓને દંડ અને મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે

નવો મહિનો એટલે કે ૧ ઓગસ્ટ શરૂ થતાં જ તમારા રોજિંદા જીવન અને નાણાકીય આયોજન (Financial Planning) સાથે જોડાયેલા અનેક મહત્વપૂર્ણ નિયમોમાં મોટો ફેરફાર થવા જઈ રહ્યો છે. LPG સિલિન્ડરના ભાવથી લઈને RBIનો રેપો રેટ, ITR ફાઈલિંગ, બેંકિંગ ચાર્જીસ, શેરબજાર અને GST સુધીના નિયમો બદલાવા જઈ રહ્યા છે. આ એવા ફેરફારો છે જેની સીધી અસર તમારા ઘરના બજેટ, મહિનાની EMI, ટેક્સ અને રોકાણ પર પડવાની છે. જો તમે સમયસર આ ફેરફારો વિશે નહીં જાણો, તો તમારે આર્થિક નુકસાન વેઠવાનો વારો આવી શકે છે! દર મહિનાની પહેલી તારીખે ઓઈલ માર્કેટિંગ કંપનીઓ એલપીજી (LPG) સિલિન્ડરના ભાવની સમીક્ષા કરે છે. ૧ ઓગસ્ટથી કોમર્શિયલ અને ઘરગથ્થુ ગેસ સિલિન્ડરના ભાવમાં નવો ફેરફાર જોવા મળી શકે છે. જો ગેસના ભાવ વધશે તો ગૃહિણીઓનું ઘરનું બજેટ ખોરવાશે અને હોટેલ-રેસ્ટોરન્ટના ખાણીપીણીના ભાવ પણ મોંઘા થઈ શકે છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) ની નાણાકીય નીતિ મંડળ (MPC) ની સમીક્ષા બેઠકના નિર્ણયો ઓગસ્ટ મહિનામાં સામે આવશે. જો આરબીઆઈ દ્વારા રેપો રેટમાં કોઈ ફેરફાર કરવામાં આવશે, તો તેની સીધી અસર તમારી હોમ લોન, કાર લોન કે પર્સનલ લોનની EMI પર પડશે. રેપો રેટ વધશે તો લોન મોંઘી થશે અને બેંકો વ્યાજદરમાં વધારો કરશે.

ઈન્કમ ટેક્સ રિટર્ન (ITR) ફાઈલ કરવાની સમયસીમા બાદ હવે ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેન્ટ દ્વારા રિટર્નના વેરિફિકેશન અને ટેક્સ પેનલ્ટીના નિયમોમાં આકરા પગલાં લેવામાં આવી રહ્યા છે. ૧ ઓગસ્ટથી જો તમે સમયસર ITR ફાઈલ નથી કર્યું કે લેટ ફી સાથે ભરો છો, તો તેના નિયમો વધુ કડક બની શકે છે.

આ સિવાય ટેક્સ રિફંડ પ્રક્રિયામાં પણ ફેરફાર થવાની શક્યતા છે. વિવિધ સરકારી અને ખાનગી બેંકો ૧ ઓગસ્ટથી પોતાના લઘુત્તમ બેલેન્સ (Minimum Balance), એટીએમ ટ્રાન્ઝેક્શન (ATM Charges) અને ચેકબુક સંબંધિત નિયમો અને સર્વિસ ચાર્જીસમાં ફેરફાર કરવા જઈ રહી છે. બેંકિંગ સેવામાં થતા આ બદલાવથી ગ્રાહકોના ખિસ્સા પર વધારાનો ભાર પડી શકે છે.

### 40 વર્ષ પહેલાં ટ્રક ભરીને અમદાવાદ મોકલેલા ઝવેરાતનો કોઈ હિસાબ નથી

# બેટ દ્વારકા મંદિરના 200 કરોડના ખજાનામાં અયોધ્યા જેવો મોટો ખેલ : ટ્રસ્ટીઓ નાસી છૂટવાના મૂડમાં!

### આટલા દાયકાઓ વિતી ગયા પછી પણ એ કરોડોનો ખજાનો ક્યાં છે, કયા લોકરમાં બંધ છે કે પછી બારોબાર સગેવગે કરી દેવાયો છે?



દ્વારકા/અમદાવાદ

લાખો શ્રદ્ધાળુઓની આસ્થાના કેન્દ્ર સમાન પવિત્ર બેટ દ્વારકાધીશ મંદિરના શિરછત્ર સમાન કરોડો રૂપિયાના પૌરાણિક ખજાનાને લઈને અત્યાર સુધીનો સૌથી ચોંકાવનારો અને સનસનાટીભર્યો ખુલાસો સામે આવ્યો છે. આશરે 200 કરોડ રૂપિયાથી વધુ કિંમતના સોના-ચાંદી અને હીરા જડિત ઝવેરાત ગાયબ થયાના ગંભીર આક્ષેપો સાથે સમગ્ર ગુજરાતમાં ધર્મપ્રેમી જનતામાં ભારે ખળભળાટ મચી ગયો છે. અયોધ્યાના રામ મંડિર ટ્રસ્ટના વિવાદોની યાદ અપાવતા આ મહાકોભાંડમાં હવે 40 વર્ષ જૂના એક રહસ્ય પરથી પડદો ઊંચકાઈ રહ્યો છે.

'પાક્કો ગુજરાત'ના ખાસ ઈન્વેસ્ટિગેશનમાં બહાર આવેલી વિગતો મુજબ, આજથી લગભગ 40 વર્ષ પહેલાં બેટ દ્વારકા મંદિરના કિંમતી ઝવેરાત અને પુરાતન અસ્કયામતોથી ભરેલો આખો ટ્રક સુરક્ષા અને જાળવણીના બહાને અમદાવાદ મોકલવામાં આવ્યો હતો. આ ખજાનામાં રાજશાહી જમાનાના અતિ અમૂલ્ય ઘરેણાં, રત્નો અને સોના-ચાંદીના વાસણો સામેલ હતા. પરંતુ, આટલા દાયકાઓ વિતી ગયા પછી પણ એ કરોડોનો ખજાનો ક્યાં છે, કયા લોકરમાં બંધ છે કે પછી બારોબાર સગેવગે કરી દેવાયો છે, તેનો કોઈ જ સ્પષ્ટ જવાબ મળી રહ્યો નથી.

મંદિરના વહીવટ સાથે દાયકાઓથી જોડાયેલા પૂર્વ મહેતાજીને જ્યારે આ કરોડોના ઝવેરાતના રજિસ્ટર અને ચોપડા વિશે પૂછવામાં આવ્યું, ત્યારે તેમની પાસે ચોક્કસ કોઈ જ હિસાબ-કિતાબ ન હોવાનું સામે આવ્યું છે. બીજી તરફ, જ્યારે મંદિરના વર્તમાન અને ભૂતપૂર્વ ટ્રસ્ટીઓની ઘેરાબંધી કરવામાં આવી, ત્યારે તેઓ કેમેરા સામે કે સત્તાવાર રીતે જવાબ આપવાનું ટાળી રહ્યા છે. ટ્રસ્ટીઓ દ્વારા આપવામાં આવતા ગોળગોળ અને અસ્પષ્ટ જવાબોથી શંકાની સોય વધુ મજબૂત બની રહી છે કે શું મંદિરની કરોડોની સંપત્તિમાં મોટું આયોજનબદ્ધ કૌભાંડ આચરવામાં આવ્યું છે? જે રીતે અયોધ્યાના રામ મંદિર નિર્માણ અને ટ્રસ્ટના વ્યવહારો દરમિયાન જમીન અને દાન-દક્ષિણાને લઈને ગંભીર આક્ષેપો ઊઠ્યા હતા, બિલકુલ એ જ તર્જ પર બેટ દ્વારકામાં પણ શ્રદ્ધાળુઓના દાન અને અનાદિ કાળથી સચવાયેલા ખજાના પર ગીધદ્રષ્ટિ નાખવામાં આવી હોવાના આક્ષેપો થઈ રહ્યા છે.

## વલસાડના ભિલાડ સ્ટેશને મોટી દુર્ઘટના ટળી: વિરાર-ભરૂચ MEMU ટ્રેનનું એન્જિન પાટા પરથી ઊતર્યું

વલસાડ/ભિલાડ

વલસાડ જિલ્લાના ભિલાડ રેલવે સ્ટેશન પર સોમવારે વહેલી સવારે એક એવી ભયાનક ઘટના બની, જેણે થોડા સમય માટે મુસાફરોના શ્વાસ અધ્ધર કરી દીધા હતા. વિરારથી ભરૂચ તરફ જઈ રહેલી MEMU (મેઈન લાઈન ઈલેક્ટ્રિક મલ્ટિપલ યુનિટ) ટ્રેન ભિલાડ સ્ટેશનના પ્લેટફોર્મ નંબર-૧ પર પહોંચે તે પહેલાં જ તેનું એન્જિન અચાનક પાટા પરથી નીચે ઊતરી ગયું (Derail) હતું. એન્જિન ખડી પડતાં જ સ્ટેશન પર ભારે ભાગદોડ અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. સદનસીબે ટ્રેનની સ્પીડ ધીમી હોવાથી મોટી દુર્ઘટના ટળી હતી અને કોઈ જાનહાનિ થઈ નહોતી. મળતી વિગતો અનુસાર, વિરાર-ભરૂચ MEMU ટ્રેન દરરોજની જેમ વહેલી સવારે મુસાફરોને લઈને ભિલાડ રેલવે સ્ટેશન તરફ આવી રહી હતી.

ટ્રેન પ્લેટફોર્મ નંબર-૧ પર રોકાવાની તૈયારીમાં જ હતી, ત્યારે જ અચાનક ધડાકાભેર એન્જિન પાટા પરથી નીચે ઊતરી ગયું હતું. અકસ્માતનો આંચકો લાગતાં જ ટ્રેનમાં સવાર મુસાફરોમાં ચીસાચીસ અને ભારે ગભરાટ ફેલાઈ ગયો હતો. જીવ બચાવવા માટે કેટલાક મુસાફરો તરત જ કોચમાંથી બહાર કૂદવાનો પ્રયાસ કરવા લાગ્યા હતા. પ્લેટફોર્મ પર ટ્રેનની રાહ જોઈને ઊભેલા પ્રવાસીઓ પણ તુરંત ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.

## ડભોઈના ભરચક વિસ્તાર વડોદરી ભાગોળ પાસે જૂનું જર્જરિત મકાન ધરાશાયી : સદનસીબે મોટી જાનહાનિ ટળી

ડભોઈ



ડભોઈ શહેરમાં ચોમાસાની ઋતુ દરમિયાન જર્જરિત મકાનો ભયજનક સાબિત થઈ રહ્યા છે. શહેરના અત્યંત ભરચક એવા વડોદરી ભાગોળ વિસ્તારમાં આવેલું એક જૂનું અને જર્જરિત મકાન અચાનક ધરાશાયી થતાં સમગ્ર વિસ્તારમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. જોકે, ઘટના સમયે કોઈ વ્યક્તિ હાજર ન હોવાથી સદનસીબે મોટી જાનહાનિ ટળી હતી. ઘટનાની વિગતો અનુસાર, વડોદરી ભાગોળ પાસે આવેલું આ મકાન લાંબા સમયથી જર્જરિત હાલતમાં હતું. વરસાદના કારણે મકાનનો કાટમાળ નીચે આવેલી એક દુકાન પર પડતા દુકાનમાં રાખવામાં આવેલો માલસામાન દબાઈ ગયો હતો, જેના કારણે વેપારીને આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. સદનસીબે દુર્ઘટના સમયે કોઈ નાગરિક કે વાહનચાલક કાટમાળ નીચે ન આવતા મોટો અકસ્માત અટક્યો હતો. બનાવની જાણ થતાં જ ડભોઈ નગરપાલિકાની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી. પાલિકાની ટીમે જેસીબી સહિતના સાધનો વડે કાટમાળ દૂર કરીને રસ્તા પરનો અવરોધ હટાવ્યો હતો, જેના કારણે થોડા સમય બાદ વાહનવ્યવહાર પૂર્વવત શરૂ થઈ શક્યો હતો. આ ઘટના અંગે ડભોઈ નગરપાલિકાના ચીફ ઓફિસર જયકિશન તડવીએ જણાવ્યું હતું કે, 'નગરપાલિકા દ્વારા દર ચોમાસા પહેલાં શહેરના તમામ વિસ્તારોમાં સર્વે કરીને જોખમી તથા જર્જરિત મકાનોના માલિકોને નોટિસ આપવામાં આવે છે.

### નગરપાલિકા દ્વારા લોકોના આરોગ્ય સાથે ગંભીર ચેડા

## માણાવદરના પ્રસિદ્ધ ત્ર્યંબકેશ્વર મહાદેવ મંદિરે ભુગર્ભ ગટરના ગંદા પાણીથી હાલાકી

માણાવદર, જીજ્ઞેશ પટેલ

માણાવદર શહેરમાં આવેલા પ્રસિદ્ધ ત્ર્યંબકેશ્વર મહાદેવ મંદિર પરિસર અને તેની આસપાસના વિસ્તારમાં નગરપાલિકાનું ગંદુ પાણી અને કચરો એકત્ર થતાં નગરજનો તથા શ્રદ્ધાળુઓમાં ભારે રોષ વ્યાપ્યો છે. મંદિરની બાજુમાં આવેલી ભૂગર્ભ ગટરની ટાંકી તૂટી ગયેલી હોવાથી દૂષિત પાણી આસપાસના વિસ્તારમાં ફેલાઈ રહ્યું છે. અસહ્ય દુર્ગંધના કારણે મંદિરે દર્શનાર્થે આવતા શ્રદ્ધાળુઓને મોં પર રૂમાલ રાખીને પસાર થવાની નૌબત આવી છે.





સ્થાનિક રહીશ મહેશ ઓડેદરા અને મેહુલ માણાવદરિયાએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, ગંદકીના સામ્રાજ્યને કારણે મચ્છરોનો ઉપદ્રવ ખૂબ જ વધી ગયો છે. આ ગંદુ પાણી સ્થાનિક તળાવમાં ભળી રહ્યું હોવાથી તળાવમાં રહેલા કાચબા, માછલીઓ સહિતના જળચર જીવોના મોત થઈ રહ્યા છે. વધુમાં, આ દૂષિત પાણી આગળ જઈને બાંટવા ખારા ડેમમાં ભળતું હોવાથી સમગ્ર વિસ્તારના લોકોના આરોગ્ય સાથે ગંભીર ચેડાં થઈ રહ્યા છે.

આગામી સમયમાં પવિત્ર શ્રાવણ માસ શરૂ થઈ રહ્યો હોય, મંદિરે શ્રદ્ધાળુઓની મોટી ભીડ ઉમટશે. જેને ધ્યાનમાં રાખીને નગરપાલિકા પ્રશાસન દ્વારા આ તૂટેલી ગટરનું તાત્કાલિક રિપેરિંગ કરવામાં આવે અને ભુગર્ભ ગટરના ગંદા પાણી તથા કચરાની સમસ્યાનો કાયમી ઉકેલ લાવી લોકોને પ્રજાકીય ભેટ આપવામાં આવે તેવી સ્થાનિકો નમ્ર અપીલ કરી રહ્યા છે.

આ સમગ્ર ગંભીર મામલે માણાવદર નગરપાલિકાનો પક્ષ જાણવા માટે એન્જિનિયર મહેન્દ્ર ડાંગરનો ટેલિફોનિક સંપર્ક કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, પરંતુ તેમણે ફોન રિસીવ કર્યો નહોતો.

## રાજકોટમાં કાળજું કંપાવનારી ઘટના: ઘરે ટ્યુશન ભણાવવા આવતી મહિલા સાથે પતિનું અફેર, 4 બાળકોની માતાએ રડતા રડતા માંગી ન્યાયની ગુહાર!

રાજકોટ

રંગબિસાંગા રાજકોટ શહેરમાંથી કૌટુંબિક સંબંધોને શર્મસાર કરતી અને એક હસતા-રમતા પરિવારનો માળો વિખેરી નાખતી અત્યંત ચોંકાવનારી ઘટના સામે આવી છે. પોતાના જ ઘરમાં પોતાના બાળકોને ટ્યુશન ભણાવવા આવતી શિક્ષિકા સાથે પતિનું આડ સંબંધ (અફેર) શરૂ થઈ જતાં ચાર-ચાર બાળકોની માતા પર આભ તૂટી પડ્યું છે. પીડિત મહિલાએ આખરે લાચાર બનીને સમાજ અને તંત્ર સમક્ષ ન્યાયની કરુણ આજીજી કરી છે.



મળતી વિગતો અનુસાર, રાજકોટના એક રહેણાંક વિસ્તારમાં રહેતી પીડિત મહિલાના ઘરે તેના બાળકોને ભણાવવા માટે એક મહિલા ટ્યુશન શિક્ષિકા તરીકે આવતી હતી. સમય જતાં ઘરના મોભી અને બાળકોના પિતાનું આ ટ્યુશન ટીચર સાથે પ્રેમપ્રકરણ શરૂ થઈ ગયું હતું. પત્નીને જ્યારે પોતાના જ પતિના આ અનૈતિક સંબંધોની જાણ થઈ ત્યારે તેના પગ તળેથી જમીન ખસી ગઈ હતી. ચાર-ચાર સંતાનો હોવા છતાં પતિના આ નિર્દયી વર્તન અને અફેરના કારણે સમગ્ર પરિવાર ભાંગીને ભૂકો થઈ ગયો છે. પીડિત મહિલાએ ભારે હૈયે અને આંખમાં આંસુ સાથે પોતાની લાચારી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, 'મારા પતિના આ અફેરને કારણે અમારું ઘર સળગી રહ્યું છે. મારે ૪ નાના-નાના સંતાનો છે, આ ચાર ભૂલકાંઓને લઈને આ મોંઘવારીમાં મારે ક્યાં જવું અને તેમનું ભવિષ્ય કેવી રીતે બનાવવું?' અંગત સંબંધોના આ વિવાદ અને પતિની બેવફાઈને કારણે ચાર માસૂમ બાળકોના ભવિષ્ય પર મોટું પ્રશ્નાર્થચિહ્ન મુકાઈ ગયું છે.

### 1000થી વધુ વીઘામાં ડાંગરનો પાક જળમગ્ન

## ખેડા જિલ્લામાં મેઘરાજાની વિનાશલીલા : વસો અને પીજ પંથકમાં જળબંબાકારની સ્થિતિ યથાવત

ખેડા

ખેડા જિલ્લામાં મુશળધાર વરસાદે સર્જેલી વિનાશલીલા બાદ વસો અને પીજ પંથકમાં જળબંબાકારની સ્થિતિ સતત યથાવત જોવા મળી રહી છે. આકાશી આફતના કારણે સમગ્ર વિસ્તાર જળમગ્ન બનતા ખેડૂતો અને સ્થાનિક રહીશોની મુશ્કેલીઓમાં ભારે વધારો થયો છે. મળતી માહિતી મુજબ, વસો અને પીજ પંથકમાં ચો તરફ પાણી ફરી વળતાં ૧૦૦૦થી વધુ વીઘા જમીનમાં વાવેતર કરેલો ડાંગરનો તૈયાર પાક સંપૂર્ણપણે પાણીમાં ગરકાવ થઈ ગયો છે. ખેતરોમાં હજુ પણ ૭થી ૮ ફૂટ જેટલાં ઊંડા પાણી ભરાયેલા હોવાથી પાક સંપૂર્ણપણે સોદો થઈ જવાની ભીતિ સેવાઈ રહી છે, જેના કારણે સ્થાનિક ખેડૂતોને લાખો રૂપિયાનું ભારે આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે.





આ ઉપરાંત, નીચાણવાળા વિસ્તારો અને મુખ્ય માર્ગો પર પણ પાણી ફરી વળ્યા છે. પીજ-વસો હાઈવે પર ૨થી ૩ ફૂટ જેટલા પાણી ભરાઈ જતાં વાહનવ્યવહાર સંપૂર્ણપણે ઠપ થઈ ગયો છે. માર્ગો પર પાણીનો નિકાલ ન થતાં વાહનચાલકો અને રાહદારીઓ અટવાયા છે. સ્થાનિક ખેડૂતોના જણાવ્યા અનુસાર, વરસાદી પાણીના યોગ્ય નિકાલની યોગ્ય વ્યવસ્થા કે ડ્રેનેજ સિસ્ટમ ન હોવાના કારણે દર વર્ષે ચોમાસામાં તેમને આ પ્રકારનું મોટું આર્થિક નુકસાન સહન કરવું પડે છે.

તંત્રની બેદરકારી અને આયોજનના અભાવે ખેડૂતોનો કિંમતી પાક નિષ્ફળ જઈ રહ્યો છે.

હાલની ગંભીર પરિસ્થિતિને ધ્યાને રાખીને પ્રભાવિત ખેડૂતોએ સરકાર અને જિલ્લા તંત્ર સમક્ષ તાત્કાલિક ધોરણે સર્વે કામગીરી શરૂ કરવાની માંગ કરી છે. ખેડૂતોએ ઉગ્ર રજૂઆત કરતાં માંગ કરી છે કે તંત્ર દ્વારા ઝડપથી નુકસાનીનું આંકલન કરી યોગ્ય વળતર અને વિશેષ રાહત પેકેજની જાહેરાત કરવામાં આવે, જેથી જગતના તાતને આ કપરા સમયમાં આર્થિક ટેકો મળી રહે.

## હઝૂર બાબા સાવન સિંહ જી મહારાજના જન્મોત્સવ નિમિત્તે વૃક્ષારોપણ અને નિઃશુલ્ક રોપા વિતરણ કાર્યક્રમ યોજાયો

અમદાવાદ

સાવન કિરપાલ રૂહાની મિશન મેડિટેશન સેન્ટર દ્વારા હઝૂર બાબા સાવન સિંહ જી મહારાજના પાવન જન્મોત્સવ નિમિત્તે વૃક્ષારોપણ અને પર્યાવરણ સંરક્ષણ અંગે જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમ દરમિયાન બાળકોને વૃક્ષો અને છોડનું જીવનમાં મહત્વ, પર્યાવરણનું સંરક્ષણ, સ્વચ્છ અને હરિયાળું વાતાવરણ જાળવવાની આવશ્યકતા વિશે સરળ ભાષામાં સમજાવવામાં આવ્યું. બાળકોને વધુમાં વધુ વૃક્ષો વાવવા અને તેમની નિયમિત સંભાળ રાખવા માટે પ્રેરિત કરવામાં આવ્યા. આ અવસરે બાળકોના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું તેમજ તેમને નિઃશુલ્ક રોપાઓનું વિતરણ કરવામાં આવ્યું, જેથી તેઓ પોતાના ઘર અને આસપાસના વિસ્તારમાં હરિયાળી વધારવામાં યોગદાન આપી શકે. સાવન કિરપાલ રૂહાની મિશન દ્વારા જણાવાયું કે આવા સામાજિક અને પર્યાવરણલક્ષી કાર્યક્રમોનો મુખ્ય હેતુ સમાજમાં પ્રકૃતિ પ્રત્યે પ્રેમ, જવાબદારી અને પર્યાવરણ સંરક્ષણ અંગે જાગૃતિ ફેલાવવાનો છે.



### આઈજીએ બહાદુરી દાખવનાર પોલીસ કર્મચારીને ₹11 હજારનું ઇનામ આપ્યું

## જેતપુરમાં દારૂ પકડવા ગયેલી પોલીસ ઉપર બુટલેગરનો છરીથી હુમલો : હેડ કોન્સ્ટેબલ ઘાયલ

જેતપુર

જેતપુરમાં દેશી દારૂની હેરાફેરી પકડવા ગયેલી પોલીસ ટીમ પર બુટલેગરે છરી વડે જીવલેણ હુમલો કર્યો હોવાની ગંભીર ઘટના સામે આવી છે. હુમલામાં હેડ કોન્સ્ટેબલ નિલેશભાઈ મકવાણા ઈજાગ્રસ્ત થયા હતા, જ્યારે ભાગવાનો પ્રયાસ કરતી વખતે આરોપી પણ ગંભીર રીતે ઘાયલ થયો હતો. સમગ્ર ઘટનાને પગલે રાજકોટ રેન્જ આઈજી અને જિલ્લા પોલીસ વડા હોસ્પિટલ પહોંચ્યા હતા અને ઈજાગ્રસ્ત પોલીસ કર્મચારીની મુલાકાત લઈ તેમની ખબરઅંતર પૂછ્યા હતા. આઈજીએ બહાદુરી દાખવનાર પોલીસ કર્મચારીને 11 હજારનું ઈનામ આપ્યું હતું, જેતપુર ઉદ્યોગનગર પોલીસ સ્ટેશનનો સ્ટાફ ગતરાત્રે પેટ્રોલિંગમાં હતો ત્યારે બાતમી મળી હતી કે બુટલેગર દિલીપ ઉર્ફે દિલો ભાણકુભાઈ શેખવા સ્વિફ્ટ કારમાં જૂનાગઢ તરફથી દેશી દારૂનો જથ્થો લઈને નવાગઢ તરફ આવી રહ્યો છે. બાતમીના આધારે પોલીસે નવાગઢ નજીક ઈમ્પિરિયલ એપાર્ટમેન્ટ પાસે સર્વિસ રોડ પર વોચ ગોઠવી હતી,બાતમીવાળી કાર આવતા પોલીસે તેને રોકવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ કારચાલકે વાહન ન રોકી થોડે દૂર જઈ કાર મૂકી ભાગવાનો પ્રયાસ કર્યો હતો. હેડ કોન્સ્ટેબલ નિલેશભાઈ મકવાણાએ પીછો કરીને આરોપીને પકડી પાડતાં દિલીપ શેખવાએ પોતાની પાસે રહેલી છરી વડે પોલીસ કર્મચારી પર જીવલેણ હુમલો કર્યો હતો. બચાવ દરમિયાન છરી નિલેશભાઈના જમણા હાથમાં વાગતા તેઓ ઈજાગ્રસ્ત થયા હતા,દરમિયાન ભાગી છૂટવાની કોશિશમાં આરોપી રોડના ડિવાઈડર અને રેલિંગ સાથે અથડાતા તે પણ ઈજાગ્રસ્ત થયો હતો.






### કંટાળીને તંત્રને પાઠવ્યું આવેદનપત્ર

## કાદવ-કીચડમાં ભણશે ગુજરાત?? 30 વર્ષથી 'વિકાસ'થી વંચિત ગીર ગઢડાના ફરેડા ગામના લોકોનો આક્રોશ

અમદાવાદ

'ભણશે ગુજરાત, આગળ વધશે ગુજરાત' જેવા રૂપાળા અને મોહક સ્લોગનો સરકારી કાગળો અને મોટી મોટી જાહેરાતોમાં ભલે ચમકતા હોય, પણ ગીર સોમનાથ જિલ્લાના ગીર ગઢડા તાલુકામાં આવેલું ફરેડાં ગામ આજે કડવી વાસ્તવિકતાની ચાડી ખાતરે છે. છેલ્લા ૩૦-૩૦ વર્ષથી વિકાસથી વંચિત રહેલા ફરેડાં ગામના ગ્રામજનોનો ધીરજનો ઘડો આખરે ફૂટી ગયો છે. બિસ્માર રસ્તા, કાદવ-કીચડનું સામ્રાજ્ય અને સુવિધાઓના અભાવથી કંટાળી ગયેલા ગ્રામજનોએ એકત્ર થઈને તંત્રને જાગાડવા આકરું આવેદનપત્ર પાઠવ્યું છે અને તંત્રના કાન ઉઘાડવાનો પ્રયાસ કર્યો છે. ફરેડાં ગામની હાલત આજે એવી બની ગઈ છે કે ચોમાસું આવતાં જ રસ્તાઓ કાદવ અને કીચડમાં ફેરવાઈ જાય છે. સૌથી દર્દનાક દ્રશ્યો તો ત્યારે સામે આવે છે જ્યારે નાના-નાના ભૂલકાંઓને પોતાના ભવિષ્યનું ઘડતર કરવા માટે આ જ ગંદકી, કાદવ અને ખાડાઓમાંથી પસાર થઈને શાળાએ પહોંચવું પડે છે. ગામના રસ્તાઓ પર પગ મૂકવો પણ મુશ્કેલ છે, વાહનો તો દૂરની વાત પણ રાહદારીઓ માટે પણ ચાલવું મોતને હાથતાળી આપવા સમાન છે. શું આ જ છે સરકારનો 'ડિજિટલ' કે 'વિકસિત' ગુજરાતનો દાવો? શું દેશનું ભવિષ્ય ગણાતા આ માસૂમ બાળકો કાદવ-કીચડ ખૂંદીને જ ભણશે?



સ્થાનિક રહીશોનો આક્રોશ માત્ર સરકારી તંત્ર પૂરતો સીમિત નથી, પરંતુ ગામના સ્થાનિક સરપંચ સામે પણ ગ્રામજનોએ આકરા પ્રહારો કર્યા છે. ફરેડાં ગામના લોકોએ ખુલ્લેઆમ સણસણતા આક્ષેપો કર્યા છે કે સરપંચે હોદ્દો સંભાળ્યા પછી 'ગામનો વિકાસ' કરવાને બદલે માત્ર ને માત્ર 'પોતાનો અંગત વિકાસ' કર્યો છે!

### 'NEET પેપર લીક આંદોલન દેશને તોડવાનું ષડયંત્ર!'

## જૂનાગઢ મહિલા કોલેજના પ્રિન્સિપાલના વિવાદિત નિવેદનથી ગુજરાતનું રાજકારણ ગરમાયું

જૂનાગઢ

દેશભરમાં લાખો વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે રમત રમનારા NEET પેપર લીક કૌભાંડ સામે જ્યાં એક તરફ સમગ્ર દેશનો યુવા વર્ગ, વાલીઓ અને વિદ્યાર્થી સંગઠનો રસ્તા પર ઉતરીને ન્યાયની માંગ કરી રહ્યા છે, ત્યાં બીજી તરફ ગુજરાતના જૂનાગઢમાંથી સામે આવેલા એક ચોંકાવનારા નિવેદને મોટો સંગ્રામ છેડી દીધો છે. જૂનાગઢ મહિલા કોલેજના પ્રિન્સિપાલે NEET પેપર લીક સામે થઈ રહેલા આંદોલનને 'દેશને તોડવાનું ષડયંત્ર' અને આંદોલનકારીઓને 'રાષ્ટ્ર વિરોધી' ગણાવી દેતાં શિક્ષણ જગત અને રાજકારણમાં મોટો ભૂકંપ આવ્યો છે. આ નિવેદન સામે આવ્યા બાદ જ કોંગ્રેસે આકરા પ્રહારો કરતા સીધું સંભળાવી દીધું છે કે, 'વિદ્યાર્થીઓના હિતની ચિંતા કરવાને બદલે ભાજપની ચાપલૂસી કરવાનું બંધ કરો!'




જૂનાગઢ મહિલા કોલેજના પ્રિન્સિપાલ દ્વારા કરવામાં આવેલા વિવાદિત નિવેદનમાં દાવો કરવામાં આવ્યો છે કે NEET પેપર લીક મામલે થઈ રહેલા વિરોધ પ્રદર્શનો અને આંદોલનો પાછળ દેશને અસ્થિર કરવાનું ષડયંત્ર કામ કરી રહ્યું છે. તેમણે પોતાના નિવેદનમાં એવો આરોપ પણ લગાવ્યો હતો કે આંદોલનમાં જોડાનારા કે વિદ્યાર્થીઓના અવાજને સમર્થન આપનારા તત્વો રાષ્ટ્ર વિરોધી માનસિકતા ધરાવે છે. જે શિક્ષણધામમાંથી વિદ્યાર્થીઓને ન્યાય અને સત્યના માર્ગે ચાલવાની પ્રેરણા મળવી જોઈએ, ત્યાંથી જ લાખો વિદ્યાર્થીઓની મહેનત અને તેમના ભવિષ્ય પર સવાલ ઉઠાવતા આ નિવેદને રાજ્યભરના વાલીઓ અને યુવાનોના દિલ દુભવ્યા છે.

## તંત્રી લેખ...

# પત્રકારત્વનું પતન: કલમનો દુરૂપયોગ, અનૈતિકતા અને સત્તાની ચરણપાદુકા!

સાહિત્ય અને પત્રકારત્વને આજના યુગમાં પણ સમાજનો સાચો અરીસો માનવામાં આવે છે. પત્રકાર કે લેખકનો પરમ ધર્મ સત્યની સાધના કરવાનો, સત્તાધીશોની આંખમાં આંખ પરોવીને નિડરતાથી પ્રશ્નો પૂછવાનો અને પીડિતોનો બુલંદ અવાજ બનવાનો છે. પરંતુ જ્યારે કોઈ જાણીતો કટારલેખક કે પત્રકાર આ પવિત્ર માધ્યમનો ઉપયોગ પોતાના અંગત સ્વાર્થ, આર્થિક છેતરપિંડી અને સત્તાની ચાટુકારી કરવા માટે કરવા લાગે, ત્યારે સમગ્ર પત્રકારત્વ જગત પરથી લોકોનો વિશ્વાસ ડગમગી જાય છે.

જ્યારે કલમની શક્તિ સામે અહંકાર અને મોહ હાવી થઈ જાય છે, ત્યારે વ્યક્તિનું કેવું માનસિક અને વૈચારિક પતન થાય છે–તેના કેટલાક કડવા સત્યો પર આજે મંથન કરવાની જરૂર છે.

### સાહિત્યિક વારસાનો મોહ અને આર્થિક સ્વાર્થ

ઉત્તમ શિક્ષણ અને સમૃદ્ધ સાહિત્યિક કૌટુંબિક વારસો મળ્યો હોવા છતાં, જ્યારે વ્યક્તિમાં ઓછી મહેનતે વધુ કમાઈ લેવાની અને નાણાકીય ગડબડ કરવાની વિપરીત વૃત્તિ જાગે છે, ત્યારે કલમનો સાચો હેતુ ભૂલાઈ જાય છે. પોતાના પારિવારિક નામ અને પ્રતિષ્ઠાનો ઉપયોગ માત્ર કમાણીના સાધન તરીકે કરવો એ વૈચારિક દરિદ્રતા દર્શાવે છે.

### લવાજમ અને સાહસના નામે મોટું ફુલેકું

રાષ્ટ્રવાદ, સંસ્કૃતિ કે આદર્શ વિચારધારાના નામે ધામધૂમથી નવા સાહસ કે પ્રકાશનની મોટા ઉપાડે જાહેરાતો કરવી, પ્રખ્યાત કથાકારો કે રાજકીય અગ્રણીઓની હાજરી ગોઠવીને મોટું




બ્રાન્ડિંગ ઊભું કરવું અને ભોળા વાચકો પાસેથી લાખો રૂપિયાનું વાર્ષિક લવાજમ એકત્ર કરી લેવું–આ એક ચોક્કસ વર્ગ માટે ચાલ બની ગઈ છે. વાચકો પાસેથી નાણાં ઉઘરાવ્યા બાદ અંકો અનિયમિત કરવા, લાંબા સમય સુધી પ્રકાશન બંધ કરી દેવું, સાથે કામ કરતા કર્મચારીઓના પગાર ન ચૂકવવા અને પ્રિન્ટિંગના બિલ અટકાવીને વાચકો તેમજ વિતરેકો સાથે દ્રોહ કરવો એ મોટો નૈતિક અને સામાજિક ગુનો છે.

### કાનૂની વિવાદો અને નૈતિક મુખવટો ફાટવો

જ્યારે આ પ્રકારની નાણાકીય અનિયમિતતાઓ અને છેતરપિંડી કાનૂની ચોપડે ચડે છે અને છેતરપિંડીની ફરિયાદોના આધારે બાબત પોલીસ સ્ટેશન, ધરપકડ કે રિમાન્ડ સુધી પહોંચે છે, ત્યારે આવા કહેવાતા બુદ્ધિજીવી લેખકોનો નૈતિક મુખવટો ઉતરી જાય છે. સમાજને નીતિ-નિયમો શીખવનારા પોતે જ કાનૂની કટઘરામાં આવીને ઊભા રહી જાય છે.

### સત્તાની ચાટુકારી અને 'ગોદી પત્રકારત્વ'

ભૂતકાળના આર્થિક ડાઘ, કેસો અને નુકસાન છુપાવવા માટે આવા લેખકો પછી સત્તાધારી પક્ષ કે શાસકોની આંધળી ચાટુકારી કરવાનો માર્ગ અપનાવે છે. સરકારી સંસ્થાઓમાં હોદ્દાઓ, કમિટીઓમાં સ્થાન કે એવોર્ડ-ઈનામો મેળવવાની લાલચમાં તેઓ તટસ્થતા છોડીને સંપૂર્ણપણે એકતરફી બની જાય છે. પ્રજાના પ્રશ્નો ઉઠાવવાને બદલે તેઓ સત્તાધીશોના વકીલ બનીને ભ્રષ્ટાચાર પર પડદો પાડવા લાગે છે.

### સંવેદનાહીનતા અને તોછડી ભાષા

સોશિયલ મીડિયાના યુગમાં પોતાની વિચારધારા કે લખાણ સાથે અસહમત થનારા કે પ્રશ્નો પૂછનારા વાચકો માટે આક્રમક, તોછડી અને અપ્રિય ભાષાનો ઉપયોગ કરવો એ તેમની રોજિંદી આદત બની જાય છે. એટલું જ નહીં, પરંતુ અત્યંત સંવેદનશીલ મુદ્દાઓ પર–જેમ કે આપઘાત કરનારા માસુમ વિદ્યાર્થીઓ કે પીડિત યુવાનો–ત્યાં પણ સંવેદનાહીન અભિપ્રાયો આપીને તેઓ સાબિત કરે છે કે તેમના માટે માનવતા કરતાં પોતાની આંધળી વિચારધારા વધુ મહત્વની છે.

### સમયનો અરીસો અને સાચો સંદેશ

જ્યારે કલમની તાકાતનો ઉપયોગ સત્યના બદલે અંગત સ્વાર્થ, કૌભાંડ, અનિયમિતતા અને આંધળા રાજકીય સમર્થન માટે થાય છે, ત્યારે એક સમયનો ચમકતો ચહેરો વાચકો અને પ્રજા સમક્ષ સંપૂર્ણપણે ઉઘાડો પડી જાય છે.

આવા કોઈપણ ગુણધર્મ કે લક્ષણો ધરાવતી વ્યક્તિ જો આપણી આસપાસ કે સમાજમાં હોય, તો તેમને આક્રોશથી નહીં પણ પ્રેમથી, તર્ક સાથે અરીસો બતાવીને સાચા માર્ગનું ભાન કરાવવું જોઈએ. કલમ એ સમાજને દિશા આપવાનું શસ્ત્ર છે, તેને સ્વાર્થનું સાધન ન બનવા દેવાય.

**- ગ્રુપ એડિટર પવન માકન**

---

### સરહદ પાર વેપાર અને કનેક્ટિવિટીમાં નવો અધ્યાય શરૂ થયો

# ભારતની પ્રથમ ડાયરેક્ટ કોમર્શિયલ કન્ટેનર માલગાડી નેપાળ પહોંચી

■ કોલકાતા પોર્ટથી બિરાટનગર સુધીની 40-વેગન માલગાડી સુધારેલા ભારત-નેપાળ રેલ ટ્રાન્ઝિટ પ્રોટોકોલ હેઠળ કાર્યરત

■ ડાયરેક્ટ રેલ ફ્રેઇટ સેવા ટ્રાન્ઝિટ સમય, લોજિસ્ટિક્સ ખર્ચ અને કાર્ગો હેન્ડલિંગ ઘટાડે છે, ભારત-નેપાળ વેપાર સંબંધોને મજબૂત કરે છે

એસ. કુમાર I અમદાવાદ

ભારતીય રેલવેએ કોલકાતા પોર્ટથી નેપાળના બિરાટનગર કસ્ટમ્સ યાર્ડ સુધીની પ્રથમ ડાયરેક્ટ કોમર્શિયલ કન્ટેનર માલગાડીના સફળ સંચાલન સાથે ભારત-નેપાળ ફ્રેઈટ કનેક્ટિવિટીને મજબૂત કરવામાં એક મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે. કેનોલાનો જથ્થો લઈ જતી 40 વેગન ધરાવતી આ ટ્રેને સુધારેલા ભારત-નેપાળ રેલ ટ્રાન્ઝિટ પ્રોટોકોલ હેઠળ તેની મુસાફરી પૂર્ણ કરી, જે રેલ-આધારિત સરહદ પાર માલસામાનની અવરજવરમાં એક નવો અધ્યાય દર્શાવે છે.



આ સફળ સંચાલન સરહદ પર ટ્રાન્સશિપમેન્ટ વિના કોલકાતા પોર્ટથી બિરાટનગર સુધી કન્ટેનરાઈઝ્ડ કાર્ગોની સીધી રેલ અવરજવરને સક્ષમ બનાવે છે. આ નવી વ્યવસ્થાથી બે પાડોશી દેશો વચ્ચેના સરહદ પારના વેપારની કાર્યક્ષમતા, વિશ્વસનીયતા અને સ્પર્ધાત્મકતામાં સુધારો કરવાની સાથે ટ્રાન્ઝિટ સમય, લોજિસ્ટિક્સ ખર્ચ અને કાર્ગો હેન્ડલિંગમાં નોંધપાત્ર ઘટાડો થવાની ધારણા છે. આ સિદ્ધિ સુધારેલા ભારત-નેપાળ રેલ ટ્રાન્ઝિટ પ્રોટોકોલના અમલીકરણ દ્વારા શક્ય બની છે, જે બે દેશો વચ્ચે માલસામાનના સીમલેસ એન્ડ-ટુ-એન્ડ રેલ પરિવહનને સુવિધાસભર બનાવે છે.

આ સિદ્ધિ જૂન 2023માં ભારતના આદરણીય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને નેપાળના તત્કાલીન પ્રધાનમંત્રી દ્વારા ઉદ્ઘાટન કરવામાં આવેલી જોગબની (ભારત) અને બિરાટનગર (નેપાળ) વચ્ચેની બ્રોડ-ગેજ રેલ લિંક પર આધારિત છે. નવેમ્બર 2025માં સુધારેલા લેટર ઓફ એક્સચેન્જ પર હસ્તાક્ષર કર્યા પછી, બિરાટનગર માટે ડાયરેક્ટ કોમર્શિયલ રેલ અવરજવર હવે કાર્યરત થઈ ગઈ છે, જેનાથી દ્વિપક્ષીય વેપાર અને આર્થિક સહયોગ માટે નવી તકો ખુલી છે.

પરિવહનનો વધુ ઝડપી, વધુ આર્થિક અને પર્યાવરણીય રીતે ટકાઉ મોડ ઓફર કરીને ડાયરેક્ટ ફ્રેઈટ સેવા આયાત અને નિકાસ કાર્ગોની અવરજવરને નોંધપાત્ર પ્રોત્સાહન આપે તેવી અપેક્ષા છે. મલ્ટિપલ હેન્ડલિંગ પોઈન્ટ્સ ઘટાડીને અને સપ્લાય ચેઈન કાર્યક્ષમતામાં સુધારો કરીને, આ પહેલથી નિકાસકારો, આયાતકારો, લોજિસ્ટિક્સ ઓપરેટરો અને સરહદ પારના વેપારમાં સંકળાયેલા ઉદ્યોગોને લાભ થશે.

આ સિદ્ધિ આંતરરાષ્ટ્રીય રેલ કનેક્ટિવિટી વિસ્તરણ, ફ્રેઈટ લોજિસ્ટિક્સને મજબૂત કરવા અને આધુનિક પરિવહન ઈન્ફ્રાસ્ટ્રક્ચર દ્વારા ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ સુધારવાના સરકારના વિઝનને ટેકો આપવા પર ભારતીય રેલવેના સતત ધ્યાન કેન્દ્રિત કરવાને પણ દર્શાવે છે. રેલ-આધારિત માલસામાનની વધેલી અવરજવર લોજિસ્ટિક્સ ખર્ચમાં ઘટાડો કરવા, કાર્ગો વિશ્વસનીયતામાં સુધારો કરવા અને પર્યાવરણને અનુકૂળ પરિવહનમાં યોગદાન આપશે જ્યારે પાડોશી દેશો સાથે મજબૂત આર્થિક ભાગીદારીને પ્રોત્સાહન આપશે.


નેપાળ માટે પ્રથમ ડાયરેક્ટ કોમર્શિયલ કન્ટેનર માલગાડીનું સફળ સંચાલન પ્રાદેશિક વેપાર, આર્થિક વિકાસ અને સીમલેસ આંતરરાષ્ટ્રીય કનેક્ટિવિટીને ટેકો આપતી એકીકૃત, કાર્યક્ષમ અને ભવિષ્ય માટે સજ્જ ફ્રેઈટ નેટવર્ક બનાવવાના ભારતીય રેલવેના પ્રયાસોમાં વધુ એક મહત્વપૂર્ણ સિદ્ધિ દર્શાવે છે.

---

# અજ્ઞાનતિમિર હરનારી પરમ ચેતના: ગુરુ પૂર્ણિમાનું મહાત્મ્ય અને ગરિમા

માનવ સભ્યતાના આરંભથી જ ભારતીય સંસ્કૃતિએ વિશ્વને જ્ઞાન, પવિત્રતા અને આધ્યાત્મિકતાનો પથ દર્શાવ્યો છે. આપણી ભવ્ય પરંપરામાં જે તત્વોને સર્વોચ્ચ સ્થાન આપવામાં આવ્યું છે, તેમાં 'ગુરુ' પદ સર્વોપરી છે. અષાઢ મહિનાની પૂનમ એટલે કે ગુરુ પૂર્ણિમા એ માત્ર એક ધાર્મિક ઉત્સવ નથી, પરંતુ તે અજ્ઞાનના અંધકારમાંથી જ્ઞાનના પ્રકાશ તરફ પ્રયાણ કરવાનો એક પરમ પાવન અવસર છે. આ મહાન દિવસને મહર્ષિ વેદ વ્યાસજીના જન્મોત્સવ તરીકે 'વ્યાસ પૂર્ણિમા' તરીકે પણ ઓળખવામાં આવે છે, જેમણે ચાર વેદોની રચના કરીને માનવજાત પર ઉપકાર કર્યો છે.

આપણા શાસ્ત્રોમાં ગુરુ શબ્દની અદ્ભુત વ્યાખ્યા કરવામાં આવી છે. 'ગુ' એટલે અંધકાર અને 'રુ' એટલે તેનો નાશ કરનાર. આમ, જે આત્મા આપણી ભીતર રહેલા અહંકાર, અજ્ઞાન અને જડતાના અંધકારને દૂર કરી જ્ઞાનના દિવ્ય પ્રકાશનો સાક્ષાત્કાર કરાવે, તે જ સાચો ગુરુ છે. સનાતન સંસ્કૃતિમાં તો ગુરુને બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ સમાન ગણીને ઈશ્વર કરતાં પણ ઊંચું સ્થાન આપવામાં આવ્યું છે. સંત કબીરજીનો સુપ્રસિદ્ધ દોહો 'ગુરુ ગોવિંદ દોનો ખડે, કાકો લાગૂ પાય, બલિહારી ગુરુ આપનો ગોવિંદ દિયો બતાય' એ વાતની સાક્ષી પૂરે છે કે ભગવાન સુધી પહોંચવાનો માર્ગ પણ ગુરુની કૃપા વગર અસંભવ છે.



આજના આધુનિક અને ભૌતિકવાદી યુગમાં ગુરુ પૂર્ણિમાની પ્રાસંગિકતા અગાઉ કરતાં ઘણી વધી ગઈ છે. આજે માણસ પાસે માહિતીના અઢળક સ્ત્રોતો અને ગુગલ કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ જેવા અનેક ડિજિટલ સાધનો ઉપલબ્ધ છે, પરંતુ એ સાધનો માત્ર માહિતી (Information) આપી શકે છે, સંસ્કાર અને વિવેક (Wisdom) નહીં. જીવનના કપરા વળાંકો પર જ્યારે ભ્રમ અને આશંકાઓ ઘેરાય છે, ત્યારે સાચો માર્ગદર્શન માત્ર એક જીવંત ગુરુ જ આપી શકે છે. ગુરુ એ માત્ર ધાર્મિક ક્ષેત્રે જ નહીં, પરંતુ શિક્ષણ, કળા અને સામાજિક જીવનમાં પણ આપણી સુષુપ્ત શક્તિઓને જગાડનારા શિલ્પી છે.

ન્યૂઝ પેપરના વાચકો સમક્ષ આ ચિંતન રજૂ કરતા એ અનુભવાય છે કે, આ પવિત્ર દિવસે આપણે માત્ર આપણા આધ્યાત્મિક કે શૈક્ષણિક ગુરુઓ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાની નથી, પરંતુ તેમણે આપેલા જ્ઞાન, શિસ્ત અને ઉચ્ચ મૂલ્યોને આપણા જીવનમાં ઉતારવાનો દ્રઢ સંકલ્પ કરવાનો છે. એક આદર્શ સમાજ અને સશક્ત રાષ્ટ્રના નિર્માણમાં ગુરુ-શિષ્યની પવિત્ર પરંપરાનો પુનરોદ્ધાર થવો અનિવાર્ય છે. સન્માર્ગે દોરી જઈને આપણી જિંદગીને સાર્થક બનાવનારા તમામ વંદનીય ગુરુવર્યોના ચરણોમાં ગુરુ પૂર્ણિમાના આ મંગલમય પર્વે કોટિ-કોટિ પ્રણામ.

**- લેખક: રૂપેશ સોલંકી**

---

# પોલીસ યૌન શોષણની ફરિયાદ ન નોંધે, પણ સત્તાધીશોના મળતિયાની બદનક્ષીની ફરિયાદ તરત નોંધી લે!

પાક્કો ગુજરાત ન્યૂઝ

રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ તથા પોલીસ તંત્રની કામગીરી પર ગંભીર સવાલો ઊભા કરતો એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. જે દેશ અને રાજ્યમાં પીડિત મહિલાઓને પોતાના સાથે થયેલા શારીરિક શોષણ કે અત્યાચારની એફ.આઈ.આર. નોંધાવવા માટે છેક સુપ્રીમ કોર્ટ સુધીના ધક્કા ખાવા પડે છે, તે જ તંત્રમાં સત્તાપક્ષના આકાઓનો છૂપો હાથ ધરાવતા લોકોની 'બદનક્ષી'ની ફરિયાદો પોલીસ સ્ટેશનમાં રેડ કાર્પેટ પાથરીને નોંધવામાં આવી રહી છે! આ આખી ઘટના તંત્રના બેવડા ધોરણો અને RTI એક્ટિવિસ્ટોને દબાવવાના ચાલતા ષડયંત્રની ચાડી ખાતરે છે.

### આરટીઆઈ એક્ટિવિસ્ટો: ભ્રષ્ટાચાર સામેની લડાઈમાં જાનનું જોખમ

માહિતી અધિકાર (RTI) એક્ટિવિસ્ટો પોતાના જીવના જોખમે ભ્રષ્ટાચારીઓ, જમીન માફિયાઓ અને ખનીજ માફિયાઓ સામે અવાજ ઉઠાવે છે. પરંતુ આ જ અવાજને દબાવવા માટે ભ્રષ્ટાચારી તત્વો અને અસામાજિક તત્વો દ્વારા એક્ટિવિસ્ટો પર જીવલેણ હુમલા કરાવવા, ધમકાવવા કે તેમની હત્યા કરાવવા સુધીના હીન કૃત્યો આચરવામાં આવે છે. આવા જ એક ચર્ચિત અને દર્દનાક કિસ્સાને યાદ કરીએ તો, ગીરના જંગલોમાં ચાલતા ગેરકાયદેસર ખનનને ખુલ્લું પાડનાર એક્ટિવિસ્ટ અંકિત/અમિત જેઠવાની વર્ષ ૨૦૧૦માં અમદાવાદ હાઈકોર્ટ સંકુલની બહાર જ પોઈન્ટ બ્લેન્ક રેન્જ પર ગોળી મારીને હત્યા કરી દેવાઈ હતી. CBI તપાસ બાદ સ્પેશિયલ કોર્ટે પૂર્વ સાંસદ દીનુ બોઘા સોલંકી સહિતના આરોપીઓને આજીવન કેદ આપી હતી, પરંતુ મે ૨૦૨૪માં હાઈકોર્ટે 'પુરાવાના અભાવે' તમામને નિર્દોષ છોડી મૂક્યા. જ્યારે આરોપીઓ આર્થિક રીતે સદ્ધર અને સત્તાપક્ષ સાથે જોડાયેલા હોય, ત્યારે 'પુરાવાનો અભાવ' ઊભો થઈ જવો એ સિસ્ટમ સામે મોટો સવાલ છે! જ્યારે હુમલા કે હત્યાથી પણ એક્ટિવિસ્ટો નથી ડરતા, ત્યારે તંત્ર અને પ્રભાવશાળી લોકો દ્વારા તેમને ચૂપ કરાવવા માટે ખોટી FIR, બ્લેકમેલિંગ, ખંડણી, અને કરોડો રૂપિયાના માનહાનિના દાવા ઠોકી બેસાડવામાં આવે છે. તેમને સામાજિક અને આર્થિક રીતે પાયમાલ કરવાનો અમાનવીય ખેલ ખેલાય છે.

સુરતનો કિસ્સો: સત્તાના જોરે ખોટા કેસનો ખેલ?

આવા જ એક નિડર અને સચ્ચાઈ માટે લડતા સુરતના RTI એક્ટિવિસ્ટ સંજય ઈઝાવા સામે તાજેતરમાં ૨૭ જુલાઈના રોજ સુરતના ખટોદરા પોલીસ સ્ટેશન ખાતે BNS (ભારતીય ન્યાય સંહિતા) ની કલમ ૩૩૬(૪) અને ૩૫૬(૩) હેઠળ ગુનો નોંધી દેવામાં આવ્યો છે.

આ કેસના ફરિયાદી છે ઈકબાલ કડીવાલા. કોણ છે આ ઈકબાલ કડીવાલા? સિવિલ હોસ્પિટલમાં વર્ગ-૩ના પુરુષ નર્સ તરીકે સરકારી નોકરી કરતો આ કર્મચારી સત્તાધારી ભાજપના કાર્યકર તરીકે રોફ જમાવતો હતો. ગંભીર બાબત તો એ છે કે, તેની સામે મહિલા નર્સના શારીરિક શોષણ જેવા અત્યંત ગંભીર આરોપો લાગેલા છે! એક સરકારી કર્મચારી હોવા છતાં રાજકીય આકાઓનો હાથ હોવાથી તે મનમાની કરતો હતો.

પોલીસની કામગીરી સામે સળગતા સવાલો

સંજય ઈઝાવા સામે જે કલમો હેઠળ કેસ નોંધાયો છે તેની કાનૂની વાસ્તવિકતા તપાસીએ તો:

BNS કલમ ૩૩૬(૪): પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડવાના ઈરાદાથી ખોટો દસ્તાવેજ (Forgery) બનાવવો. (સજા: ૩ વર્ષ સુધીની જેલ/દંડ).

BNS કલમ ૩૫૬(૩): બદનક્ષીયુક્ત લખાણ છાપવું કે પ્રસારિત કરવું. (સજા: ૨ વર્ષ સુધીની કેદ/દંડ/સામુદાયિક સેવા).

નોંધનીય વાત એ છે કે આ બંને ગુના કાયદાકીય રીતે જામીનપાત્ર (Bailable) અને બિન-કોગ્નિઝેબલ (Non-Cognizable) છે!


સામાન્ય નિયમ મુજબ, બિન-કોગ્નિઝેબલ અને બદનક્ષીના કેસમાં પોલીસે ફરિયાદીને કાયદાકીય પ્રક્રિયા માટે સીધા કોર્ટમાં જવાની સલાહ આપવાની હોય છે. પોલીસ કોર્ટના વોરંટ વગર આમાં સીધી કાર્યવાહી કરી શકતી નથી.

---

# સનાતન સંસ્થા વતી સમગ્ર દેશમાં 81 સ્થળોપર જ્યારે ગુજરાતમાં અમદાવાદ ,વડોદરા અને સુરતમાં 'ગુરુપૂર્ણિમા મહોત્સવ' !

## રાષ્ટ્ર અને ધર્મના રક્ષણનું કાર્ય કરવા માટે મહોત્સવમાં સહભાગી થાઓ !- સનાતન સંસ્થાનું આવાહન

ગુજરાત - 'અમેરિકા-ઈરાન યુદ્ધની અસર ભારતીયોને ઓછી-વત્તી માત્રામાં ભોગવવી પડી રહી છે. ભારતમાં આતંકવાદ, નક્સલવાદ, 'લવ જેહાદ', 'લેંડ જેહાદ', ધર્માંતરણ, ગૌહત્યા ઇત્યાદિ




સમસ્યાઓમાં હવે 'કોર્પોરેટ જેહાદ' અને 'જૈવિક જેહાદ' જેવાં નવાં સંકટો ઉમેરાયાં છે. સામાન્ય વ્યક્તિએ પણ ઉપરોક્ત કોઈપણ સંકટનો સામનો કરવો પડી શકે છે. આવા સંકટના સમયે શું કરવું, તેનો ઉત્તર ભારતની અદ્વિતીય ગુરુ-શિષ્ય પરંપરાએ અગાઉથી જ આપી રાખ્યો છે. તે સમાજ સુધી પહોંચાડવા માટે સનાતન સંસ્થા આ વર્ષનો 'ગુરુપૂર્ણિમા મહોત્સવ' એ 'રામરાજ્યની નિર્મિતિની દિશા સ્પષ્ટ કરનારો ઉત્સવ' તરીકે ઉજવી રહી છે.

આ ઉત્સવ બુધવાર, ૨૯ જુલાઈના દિવસે આયોજિત કરવામાં આવી રહ્યો છે. આ વર્ષે આ મહોત્સવ ગુજરાતી, હિંદી, મરાઠી, કન્નડ, તેલુગુ, મલયાલમ ઈત્યાદિ વિવિધ ભાષાઓમાં સમગ્ર દેશમાં ૮૧ સ્થળોએ, જ્યારે ગુજરાત માં અમદાવાદ વડોદરા અને સુરત ખાતે 3 સ્થળોએ ગુરુપૂર્ણિમા મહોત્સવોનું આયોજન સંસ્થાના વતીએ કરવામાં આવ્યું છે.

આ મહોત્સવમાં શ્રી વ્યાસપૂજન અને પ.પૂ. ભક્તરાજ મહારાજજીનું પ્રતિમાપૂજન (ગુરુપૂજન), સનાતન સંસ્થાના સંસ્થાપક સચ્ચિદાનંદ પરબ્રહ્મ ડૉ. આઠવલેજીના કાર્ય પર લઘુ ચલચિત્ર, ધર્મરક્ષકો અને હિન્દુનિષ્ઠોનું સન્માન, રાષ્ટ્રભક્ત અને ધર્મનિષ્ઠ મહાનુભાવોનું માર્ગદર્શન, રામરાજ્યની સ્થાપના માટેનો સંકલ્પ અને નામજપ, તેમજ 'રામરાજ્ય અથાત્ હિંદુ રાષ્ટ્રની સ્થાપના માટેનો સંઘર્ષ અને દિશા' જેવા વિષયો પર મહાનુભાવ વક્તાઓનું વિશેષ માર્ગદર્શન થશે. આ મહોત્સવમાં ગ્રંથપ્રદર્શન તેમજ રાષ્ટ્ર-ધર્મ વિષયનું ફલક પ્રદર્શન પણ આયોજિત કરવામાં આવશે. તેથી બધાએ આ અમૂલ્ય અવસરનો લાભ લેવો, એવું આવાહન સંસ્થા દ્વારા કરવામાં આવ્યું છે.

'ઑનલાઈન' ગુરુપૂર્ણિમા મહોત્સવ : દેશ-વિદેશના શ્રદ્ધાળુઓ ગુરુપૂર્ણિમાનો લાભ લઈ શકે તે માટે સનાતન સંસ્થા દ્વારા ગુજરાતી, હિંદી, અંગ્રેજી, મરાઠી, કન્નડ અને મલયાલમ ભાષાઓમાં 'ઑનલાઈન ગરુપૂર્ણિમા મહોત્સવ'નું આયોજન કરવામાં આવ્યું છે. ૨૯ જુલાઈના દિવસે ગુજરાતી ભાષાના 'ગુરુપૂર્ણિમા મહોત્સવ'નો લાભ નીચે આપેલી લિંક પરથી લઈ શકાશે : YouTube.com/@SSGujarati1

સમય : સાંજે ૪ થી ૫

સ્થાનિક ગુરુપૂર્ણિમાના સરનામાં અને સમય :

૧. શ્રી રાજરાજેશ્વરી કૈલાદેવી- મહાલક્ષ્મી મંદિર, કબીરચોક રોડ, સાબરમતી, અમદાવાદ. સમય - સાંજે ૫ :૦૦ વાગ્યે

૨. મંગલેશ્વર મહાદેવ જલારામ મંદિર, માંજલપુર, વડોદરા . સમય - સાંજે ૫:૩૦ વાગ્યે

૩. જ્ઞાન જ્યોતિ વિદ્યાલય , ધ્રુવ પાર્ક સોસાયટી, દેવત ગામ રોડ, ગોડાદરા, સુરત. સમય - સાંજે ૫:૩૦ વાગ્યે

---

# ગુરુપૂર્ણિમા નિમિત્તે આર્ટ ઓફ લિવિંગ વડોદરા દ્વારા ભવ્ય મહાસત્સંગનું આયોજન

વડોદરા

ગુરુપૂર્ણિમા એ ભારતીય સંસ્કૃતિમાં ગુરુ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો, જીવનમાં પ્રાપ્ત થયેલા જ્ઞાન, મૂલ્યો અને આધ્યાત્મિક માર્ગદર્શનનું સ્મરણ કરવાનો પવિત્ર અવસર છે. આ દિવસ આત્મચિંતન, સાધના અને જીવનને નવી દિશા આપનાર ગુરુ પ્રત્યે આદર અને સમર્પણ વ્યક્ત કરવાનો વિશેષ અવસર માનવામાં આવે છે. આ પાવન પ્રસંગે ગુરુદેવ શ્રી શ્રી રવિશંકરજી દ્વારા સ્થાપિત આર્ટ ઓફ લિવિંગ સંસ્થાના વડોદરા ચેપ્ટર દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ભવ્ય મહાસત્સંગનું આયોજન કરવામાં આવ્યું છે. આ મહાસત્સંગમાં આર્ટ ઓફ લિવિંગના પ્રખ્યાત ભજન ગાયક શ્રી ગૌતમ ડાબીરજી ભક્તિમય સત્સંગનું નેતૃત્વ કરશે. ભજન, ધ્યાન અને આધ્યાત્મિક વાતાવરણથી સભર આ કાર્યક્રમમાં ઉપસ્થિત સૌને આનંદ, શાંતિ અને આંતરિક ઉર્જાનો અનુભવ થશે. કાર્યક્રમ બાદ બધા માટે મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

કાર્યક્રમની વિગત નીચે મુજબ છે:

તારીખ: ૨૯ જુલાઈ ૨૦૨૬

સમય: સાંજના ૭:૦૦ વાગ્યે

સ્થળ: આત્મીયધામ, અવધૂત ફાટક પાસે, માંજલપુર, વડોદરા

આર્ટ ઓફ લિવિંગ વડોદરા તરફથી તમામ વડોદરાવાસીઓને આ પવિત્ર અવસરે પરિવાર અને મિત્રો સાથે ઉપસ્થિત રહી ગુરુપૂર્ણિમાની ભવ્ય ઉજવણીમાં સહભાગી બનવા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવે છે.





### ગોવિંદ ગુરુ લીમડી તાલુકામાં GIDC મુદ્દે વિસ્ફોટક સ્થિતિ

# કચલધરામાં જમીન સર્વે દરમિયાન ખેડૂતોનો ઉગ્ર વિરોધ

- "અમારી એક ઇંચ જમીન પણ નહીં આપીએ" – ખેડૂતોનો પડકાર
- ગતરોજ કલેક્ટરને આવેદન, આજે સીધો સર્વે શરૂ થતાં ખેડૂતોમાં આક્રોશ
- ગામને પોલીસ છાવણીમાં ફેરવી દેવાયું હોવાનો દાવો
- મહિલાઓને ઈજા, ઘરોમાં તોડફોડ અને બેરહેમ મારપીટના આક્ષેપ

ઝાલોદ, પંકજ પંડિત

ગોવિંદ ગુરુ લીમડી તાલુકાના કચલધરા ગામે પ્રસ્તાવિત GIDC મુદ્દે આજે પરિસ્થિતિ ભારે તંગ બની હતી. તંત્ર દ્વારા જમીન સર્વેની કામગીરી શરૂ કરવામાં આવતા મોટી સંખ્યામાં ખેડૂતો અને ગ્રામજનો સ્થળ પર એકત્ર થઈ વિરોધ નોંધાવ્યો હતો. વિરોધ ઉગ્ર બનતા પોલીસે બળપ્રયોગ કરી લાઠીચાર્જ કર્યો હોવાના ગ્રામજનો દ્વારા ગંભીર આક્ષેપ કરવામાં આવ્યા છે. ઘટનાના વિડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા સમગ્ર જિલ્લામાં ભારે ચર્ચા જગાવી છે.

ગ્રામજનોના જણાવ્યા મુજબ ગતરોજ જ દાહોદ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી GIDC રદ કરવાની માંગ કરવામાં આવી હતી. ખેડૂતોનો દાવો છે કે કલેક્ટરે સ્થળ નિરીક્ષણ બાદ નિર્ણય લેવાની ખાતરી આપી હતી, પરંતુ તે પહેલાં જ આજે તંત્રે પોલીસ બંદોબસ્ત વચ્ચે સર્વે શરૂ કરી દેતા ગ્રામજનોમાં ભારે રોષ ફાટી નીકળ્યો હતો.

મધ્યપ્રદેશની સરહદે આવેલા આ વિસ્તારના ખેડૂતોનું કહેવું છે કે તેઓ વર્ષોથી પોતાના સર્વે નંબરોમાં ખેતી કરી રહ્યા છે. સરકાર કોઈપણ ભોગે તેમની જમીન લઈ શકશે નહીં અને અંતિમ શ્વાસ સુધી લડત ચાલુ રહેશે.

ગ્રામજનોના કહેવા મુજબ સમગ્ર વિસ્તારમાં 700થી 800 જેટલા પોલીસ કર્મચારીઓ ખડકી દેવામાં આવ્યા હતા. ગામના દરેક રસ્તા અને ખેતરો તરફ પોલીસનો કડક બંદોબસ્ત ગોઠવાયો હતો, જેના કારણે સમગ્ર ગામ પોલીસ છાવણીમાં ફેરવાઈ ગયું હોય તેવો માહોલ સર્જાયો હતો.

વિરોધ કરી રહેલા ગ્રામજનોનો આક્ષેપ છે કે પોલીસે મહિલાઓ સહિત ખેડૂતો પર લાઠીઓ વરસાવી હતી. કેટલાક લોકોને ગંભીર ઈજાઓ પહોંચી હોવાનું તેમજ કેટલાક ઘરોમાં નુકસાન થયું હોવાનું પણ ગ્રામજનો જણાવી રહ્યા છે. વિરોધકારીઓને ગડદાપાટુ માર મારી બળજબરીથી પોલીસ વાહનમાં બેસાડી લઈ જવાયા હોવાના પણ આક્ષેપ કરવામાં આવ્યા છે.

ઘટના દરમિયાન પોલીસે હવામાં ફાયરિંગ કર્યું હોવાનો પણ ગ્રામજનો આક્ષેપ કરી રહ્યા છે. જોકે આ અંગે પોલીસ કે વહીવટી તંત્ર તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર સ્પષ્ટતા કરવામાં આવી નથી.

ઘટના બાદ પોલીસે અનેક વિરોધકારીઓને કસ્ટડીમાં લઈ ચાકલીયા પોલીસ સ્ટેશન લઈ ગઈ હોવાનું જાણવા મળ્યું છે. કેટલા લોકોની અટકાયત કરવામાં આવી છે તે અંગે હજુ સુધી કોઈ સત્તાવાર માહિતી જાહેર કરવામાં આવી નથી.

ગ્રામજનોનો આક્ષેપ છે કે સરકાર સ્થાનિક લોકો સાથે કોઈ ચર્ચા કર્યા વિના GIDC લાદવાનો પ્રયાસ કરી રહી છે. ગ્રામસભામાં GIDCનો વિરોધ કરતો ઠરાવ પસાર થયા છતાં તેને અવગણીને સર્વે શરૂ કરવામાં આવ્યો છે. લોકશાહી દેશમાં પોતાના હક્ક માટે અવાજ ઉઠાવનારા ખેડૂતો પર બળપ્રયોગ કરવો એ લોકશાહી પર સીધો પ્રહાર હોવાનું ગ્રામજનો જણાવી રહ્યા છે.



# પાનોલીની કંપની દૂષિત પાણી છોડતાં ઝડપાઇ

## કાળા રંગનું પાણી વહેતું જોવા મળતાં હિદુસ્તાન એમ. આઇ. સ્વાકો અંગે જીપીસીબીની તપાસમાં ખુલાસો થયો

ભરૂચ, રંગુની જાકીર

પાનોલી જીઆઈડીસીમાં વરસાદી પાણીના નિકાલ માટે બનાવવામાં આવેલી કાંસમાં કેમિકલયુક્ત પ્રદૂષિત પાણી છોડવામાં આવી રહ્યું હોવાની ગંભીર ફરિયાદ ઉઠતા ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની કચેરી હરકતમાં આવી છે.

જીપીસીબીની ટીમે તાત્કાલિક હિન્દુસ્તાન એમ-આઈ સ્વાકો લિમિટેડ કંપની ખાતે દરોડા પાડી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. કંપનીમાં જીપીસીબીની ટીમે તપાસ આદરી હતી.


મોટર અને પાઈપલાઈનની મદદથી વરસાદી પાણીના નિકાલની આડમાં મોટા જથ્થામાં ઝેરી પાણી કાંસમાં ઠાલવવામાં આવ્યું હતું. ગટર અને વરસાદી ચેનલમાં લાંબા અંતર સુધી કાળા રંગનું પાણી વહેતું જોવા મળ્યું હતું. આ શરમજનક ઘટના પાનોલી નોટિફાઇડ વિસ્તારના મુખ્ય પ્રવેશદ્વાર નજીક જ બની છે.

હિન્દુસ્તાન એમ-આઈ સ્વાકો લિમિટેડ સામે અગાઉ પણ પર્યાવરણીય નિયમોના ધજાગરા ઉડાડવા બદલ જીપીસીબી દ્વારા ક્લોઝર નોટિસ ફટકારવામાં આવી હતી.

ત્યારબાદ કંપનીએ ગાંધીનગર જીપીસીબી સમક્ષ મોટી-મોટી બાંહેધરીઓ આપી ક્લોઝર રદ કરાવ્યું હતું. આજ રોજ બનેલી ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને અંકલેશ્વર જીપીસીબીની ટીમ સ્થળ પર પહોંચી હતી.

નિકાલ કરાયેલા કાળા, શંકાસ્પદ પાણીના નમૂનાઓ એકત્રિત કરવામાં આવ્યા છે. આ સેમ્પલ લેબોરેટરીમાં પૃથક્કરણ માટે મોકલી આપવામાં આવ્યા છે.

જીપીસીબીના અધિકારીઓના જણાવ્યા અનુસાર, લેબ રિપોર્ટ આવ્યા બાદ નિયમોના ઉલ્લંઘન બદલ કંપની સામે પર્યાવરણ સંરક્ષણ કાયદા હેઠળ કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવશે.



# અંકલેશ્વર GIDC પોલીસે દુષ્કર્મ કેસમાં આરોપીને પકડ્યો

## મુંબઈની યુવતીને લગ્નની લાલચ આપી જુદી જુદી હોટલોમાં દુષ્કર્મ આચર્યાનો આરોપ

ભરૂચ, રંગુની જાકીર

અંકલેશ્વર જીઆઈડીસી પોલીસે દુષ્કર્મ કેસમાં યુસુફ મહેતા નામના આરોપીની ધરપકડ કરી છે. મુંબઈની 22 વર્ષીય યુવતીએ તેની સામે લગ્નની લાલચ આપી દુષ્કર્મ આચર્યાની ફરિયાદ નોંધાવી હતી.



પોલીસ ફરિયાદ મુજબ, આરોપીએ વર્ષ 2023થી અત્યાર સુધી અંકલેશ્વરની જુદી જુદી હોટલોમાં યુવતી સાથે લગ્નનું વચન આપી દુષ્કર્મ આચર્યું હતું. બાદમાં યુસુફ મહેતાએ અન્ય યુવતી સાથે લગ્ન કરી લીધા હોવાનું પણ ફરિયાદમાં જણાવાયું છે.

આ મામલે અંકલેશ્વરના જીન ફળિયામાં રહેતા યુસુફ મહેતા સહિત તેના પરિવારના પાંચ સભ્યો સામે પણ ગુનો નોંધવામાં આવ્યો છે. ફરિયાદના આધારે પોલીસે મુખ્ય આરોપીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

### દુર્ગંધ અને પ્રદૂષણથી રહીશો ત્રાહિમામ પોકારી ઉઠ્યાં

# અંકલેશ્વર ડમ્પિંગ સાઇટ નજીક સ્થાનિકોનું વિરોધ પ્રદર્શન : કાયમી નિરાકરણની માંગ...





ભરૂચ, રંગુની જાકીર

અંકલેશ્વર નગર સેવા સદનની ડમ્પિંગ સાઈટ નજીક રહેતા સ્થાનિકોએ આજે વિરોધ પ્રદર્શન કર્યું હતું. ડમ્પિંગ સાઈટમાંથી ફેલાતી અસહ્ય દુર્ગંધ અને પ્રદૂષિત પાણીના કારણે આસપાસના રહીશો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

સ્થાનિકોના જણાવ્યા અનુસાર, વર્ષોથી આ ડમ્પિંગ સાઈટમાંથી દુર્ગંધ, પ્રદૂષણ અને કચરાના ઢગલાથી તેઓ પરેશાન છે. ખાસ કરીને ચોમાસામાં પરિસ્થિતિ વધુ વણસે છે, જેના કારણે શ્વાસ લેવામાં પણ તકલીફ પડે છે. આ સમસ્યા અંગે નગરપાલિકા સમક્ષ અનેક વખત લેખિત અને મૌખિક રજૂઆતો કરવામાં આવી છે, પરંતુ હજુ સુધી કોઈ કાયમી નિરાકરણ આવ્યું નથી. આથી, આજે સ્થાનિક રહેવાસીઓ રસ્તા પર ઉતરી આવ્યા હતા અને ડમ્પિંગ સાઈટ બંધ કરવાની ઉગ્ર માંગ સાથે વિરોધ પ્રદર્શન કર્યું હતું. સ્થાનિકોનો આરોપ છે કે, ડમ્પિંગ સાઈટ પર કચરાનો નિકાલ વૈજ્ઞાનિક પદ્ધતિથી કરવામાં આવતો નથી, જેના કારણે સતત દુર્ગંધ ફેલાય છે. આસપાસના વિસ્તારોમાં રહેતા બાળકો, વૃદ્ધો અને મહિલાઓને આનાથી સૌથી વધુ મુશ્કેલીનો સામનો કરવો પડે છે. ડમ્પિંગ સાઈટનું પ્રદૂષિત પાણી પણ બહાર આવી રહ્યું છે. સ્થાનિકોએ ચીમકી ઉચ્ચારી છે કે, જો આગામી દિવસોમાં આ પ્રશ્નનું નિરાકરણ નહીં આવે તો તેઓ વધુ ઉગ્ર આંદોલન કરશે.

### જાગેશ્વરમાં જમીન ગુમાવનાર ખેડૂતોના પુત્રોને રોજગારી ન મળતા ધરણાં

# કંપનીના ગેટ સામે કાયમી નોકરીની માંગ સાથે અનિશ્ચિત મુદતના ધરણાં શરૂ

ભરૂચ, રંગુની જાકીર

ભરૂચ નજીક આવેલા જાગેશ્વર ગામમાં જમીન ગુમાવનારા ખેડૂતોના પરિવારોના યુવાનોને કાયમી રોજગારી ન મળતા રોષ જોવા મળી રહ્યો છે. જમીન સંપાદન સમયે રોજગારી અને પ્રાથમિક સુવિધાઓ આપવાની ખાતરી અપાઈ હતી, પરંતુ હક ન મળતા સ્થાનિક ખેડૂતો અને યુવાનોએ કંપનીના ગેટ સામે અનિશ્ચિત મુદતના ધરણાં શરૂ કર્યા છે. તેમની મુખ્ય માંગ કાયમી રોજગારીની છે. વર્ષ 1996-97 દરમિયાન ઔદ્યોગિક વિકાસ માટે GIDC અને ખાનગી કંપનીઓ દ્વારા જાગેશ્વર ગામની ફળદ્રુપ ખેતીની જમીનો સંપાદિત કરવામાં આવી હતી. તે સમયે ખેડૂતોને પ્રતિ એકર આશરે રૂ. 56 હજારનું વળતર ચૂકવાયું હતું. સાથે જ, જમીન ગુમાવનારા પરિવારોને કાયમી રોજગારી તેમજ પીવાનું પાણી, રસ્તા અને વરસાદી પાણીના નિકાલ જેવી પ્રાથમિક સુવિધાઓ આપવાની ખાતરી આપવામાં આવી હતી.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, સંપાદિત જમીન પર શરૂઆતમાં એ.બી.જી. શિપયાર્ડ કંપની કાર્યરત હતી. તે સમયે કેટલાક જમીન ગુમાવનારા પરિવારોના સભ્યોને રોજગારી મળી હતી. જોકે, કંપની બંધ થતા સેંકડો કર્મચારીઓ અને ખેડૂત પરિવારો ફરી બેરોજગાર બન્યા હતા. હાલમાં આ મિલકતનું સંચાલન રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા કરવામાં આવી રહ્યું છે અને કંપનીની કામગીરી પણ શરૂ થઈ ગઈ છે, તેમ છતાં સ્થાનિક યુવાનોને રોજગારી આપવામાં આવતી નથી.

સ્થાનિક રહીશ દીપક પટેલે જણાવ્યું કે, છેલ્લા બે વર્ષથી જમીન ગુમાવનારા પરિવારોના હક માટે સતત રજૂઆતો કરવામાં આવી રહી છે. મુખ્યમંત્રી સુધી લેખિત રજૂઆતો કરવા છતાં કોઈ ઉકેલ આવ્યો નથી. GIDC અને GPCBની હાજરીમાં કંપની સાથે બે વખત બેઠક યોજાઈ હતી, જેમાં GIDC દ્વારા પણ જમીન ગુમાવનારાઓને રોજગારી મળવી તેમનો હક હોવાનું સ્વીકારવામાં આવ્યું હતું.

### રાણપુર તાલુકાના ધારપીપળા ગામના

# 100 ખેડૂતોના વીજ કનેક્શન કેરીયા ફીડરમાં ટ્રાન્સફર કરી નાખતા હેરાન-પરેશાન

રાણપુર, વિપુલ લુહાર

બોટાદ જીલ્લાના રાણપુર તાલુકાના ધારપીપળા ગામના 100 જેટલા ખેડૂતોએ વીજ કનેક્શન સંબંધિત સમસ્યાઓ અંગે રાણપુર PGVCL કચેરીના ડેપ્યુટી ઈજનેરને આવેદનપત્ર આપ્યુ છે. ખેડૂતોના ખેતીવાડીના વીજ કનેક્શન ધારપીપળા ફીડરમાંથી કેરીયા ફીડરમાં ટ્રાન્સફર થતાં તેમને છેલ્લા 6 મહિનાથી ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.આ વીજ કનેક્શન કેરીયા ફીડરમાં



ટ્રાન્સફર થયા બાદ ખેડૂતોને વારંવાર વીજળીની સમસ્યાનો સામનો કરવો પડે છે. ખાસ કરીને રાત્રિના સમયે વાડી વિસ્તારમાં રહેતા ખેડૂતોને વીજળી ગુલ થવાથી પીવાના પાણી સહિતની દૈનિક જરૂરિયાતોમાં મુશ્કેલી પડે છે. છેલ્લા 8 દિવસથી આ વિસ્તારમાં પાવર ન હોવાથી ખેડૂતો અને પશુધનને પાણીની તીવ્ર અછતનો સામનો કરવો પડી રહ્યો છે.વર્ષોથી આ 100 જેટલા ખેતીવાડીના વીજ કનેક્શન ધારપીપળા ફીડરમાં હતા. જોકે, છેલ્લા 6 મહિનાથી કોઈ કારણોસર આ તમામ કનેક્શન કેરીયા ફીડરમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા છે. ખેડૂતો દ્વારા ફોલ્ટ સેન્ટરમાં વારંવાર ફરિયાદો નોંધાવવા છતાં કોઈ ધ્યાન આપવામાં આવ્યું નથી.ખેડૂતોએ આવેદનપત્રમાં માંગ કરી છે કે તેમના 100 જેટલા ખેતીવાડી કનેક્શન જે કેરીયા ફીડરમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા છે, તે ફરીથી ધારપીપળા ફીડરમાં જોડી દેવામાં આવે.ખેડૂતોએ ચિમકી ઉચ્ચારી છે કે જો આગામી દિવસોમાં તેમની આ માંગણી પૂરી કરવામાં નહીં આવે તો તેઓ રાણપુર PGVCL કચેરી ખાતે ગાંધી ચિંધ્યા માર્ગે ઉપવાસ આંદોલન કરવામાં આવશે.

# ડભોઈમાં 'ઓપરેશન પરાક્રમ' હેઠળ પોલીસને મોટી સફળતા: સાયબર ફ્રોડનો આરોપી રાજસ્થાનના સીકરથી ઝડપાયો

ડભોઈ

સાયબર ક્રાઈમના વધતા જતા બનાવો સામે વડોદરા ગ્રામ્ય પોલીસે લાલ આંખ કરી છે. 'ઓપરેશન પરાક્રમ' અંતર્ગત ડભોઈ પોલીસ સ્ટેશનની ટીમે એક મહત્વપૂર્ણ સફળતા મેળવીને સાયબર ફ્રોડના અનડીટેક્ટ ગુનાનો ભેદ ઉકેલી નાખ્યો છે. પોલીસે આ પ્રકરણમાં છેક રાજસ્થાનના સીકર જિલ્લા સુધી પહોંચીને મુખ્ય આરોપીની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



ઘટનાની વિગત મુજબ, વડોદરા રેન્જના પોલીસ મહાનિરીક્ષક સંદીપસિંહ તથા વડોદરા ગ્રામ્ય પોલીસ અધિક્ષક સુશિલ અગ્રવાલના માર્ગદર્શન હેઠળ સમગ્ર જિલ્લામાં સાયબર ફ્રોડ આચરતી ગેંગ અને ગુનેગારો સામે વિશેષ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. જે અંતર્ગત ડભોઈ પોલીસ સ્ટેશન ખાતે ગત 2 જૂન, 2026ના રોજ સાયબર ફ્રોડ અંગેની ફરિયાદ નોંધાઈ હતી. આ મામલે પોલીસે IT એકટની કલમ 66(C), 66(D) તેમજ ભારતીય ન્યાય સંહિતા (BNS), 2023ની કલમ 318 (4) હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. ગુનાની ગંભીરતાને ધ્યાને રાખી નાયબ પોલીસ અધિક્ષક આકાશ પટેલના સીધા માર્ગદર્શન હેઠળ ડભોઈ પોલીસ ઈન્સ્પેકટર એ.ટી. પટેલ અને તેમની ટીમે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.

### દારૂની 50 હજારથી વધુ બોટલ સાથે એક શખસને ઝડપ્યો

# LCBએ દહેજ રોડ પર ડ્રીમ કોમ્પ્લેક્સમાં દરોડો પાડ્યો : 90 લાખનો મુદ્દામાલ જપ્ત

ભરૂચ, રંગુની જાકીર

ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચએ દહેજ રોડ પર આમદડા ગામ નજીક આવેલા ડ્રીમ કોમ્પ્લેક્સમાં દરોડો પાડી વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે દારૂના 1,048 બોક્સ, આઈસર કન્ટેનર અને વર્ના કાર સહિત કુલ રૂ. 90.85 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ કાર્યવાહીમાં એક આરોપીની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે પાંચ અન્યને વોન્ટેડ જાહેર કરાયા છે. પોલીસને બાતમી મળી હતી કે, આમદડા ગામ નજીક દહેજ રોડ પરના એક કોમ્પ્લેક્સમાં બંધ બોડીના આઈસર કન્ટેનરમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ ઉતારી ગોડાઉનમાં સંતાડવામાં આવી રહ્યો છે. આ બાતમીના આધારે LCBની ટીમે ડ્રીમ કોમ્પ્લેક્સમાં દરોડો પાડ્યો હતો. પોલીસ પહોંચતા જ આરોપીઓમાં નાસભાગ મચી ગઈ હતી. દરોડા દરમિયાન ગોડાઉન અને આઈસર કન્ટેનરમાંથી વિદેશી દારૂના કુલ 1,048 બોક્સ મળી આવ્યા હતા, જેમાં 50,304 બોટલ દારૂનો સમાવેશ થાય છે. પોલીસે રૂ. 10 લાખની કિંમતનું આઈસર કન્ટેનર, રૂ. 5 લાખની વર્ના કાર અને ત્રણ મોબાઈલ ફોન પણ જપ્ત કર્યા હતા. આમ, કુલ રૂ. 90,85,600નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.

પોલીસે સ્થળ પરથી રાજસ્થાનના બાડમેર જિલ્લાના સાંચોર તાલુકાના બડસમ ગામના 25 વર્ષીય પ્રકાશ કેશરામ ચૌધરીને ઝડપી પાડ્યો હતો. પ્રાથમિક પૂછપરછમાં તેણે દારૂના જથ્થા અંગે મહત્વની કબૂલાત કરી હતી. તેણે જણાવ્યું કે તે રાજસ્થાનના હાર્દિક રમેશ ચૌધરી અને મહેસાણાના મીત અશ્વિનકુમાર પ્રજાપતિ સાથે મળીને વિદેશી દારૂના ધંધામાં સંકળાયેલો છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, દારૂનો આ જથ્થો ગોડાઉનમાં સંતાડ્યા બાદ નાની ગાડીઓ મારફતે ભરૂચ અને આસપાસના જિલ્લાઓમાં સપ્લાય કરવાનો હતો. જોકે, આ જથ્થો આગળ મોકલાય તે પહેલાં જ LCBની ટીમે દરોડો પાડી સમગ્ર નેટવર્કનો પર્દાફાશ કર્યો હતો.

દરોડા દરમિયાન હાર્દિક ચૌધરી, મીત પ્રજાપતિ, નિલેશ ચૌધરી, વિનિષ અને આઈસરનો ડ્રાઈવર સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા. પોલીસે આ તમામ આરોપીઓને વોન્ટેડ જાહેર કરી તેમની શોધખોળ શરૂ કરી છે.

આ મામલે ભરૂચ તાલુકા પોલીસ મથકે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# અંકલેશ્વરની પાનોલી GIDCમાં ખાતરની 71 થેલીઓ સગેવગે કરવાનો ભાંડો ફૂટ્યો : ત્રણ આરોપીઓ ઝડપાયા

ભરૂચ, રંગુની જાકીર



અંકલેશ્વરની પાનોલી GIDCમાં આવેલી એસ.એમ.એલ. લિમિટેડ કંપનીમાં ખાતરની થેલીઓની સગેવગેનો કિસ્સો સામે આવ્યો છે. કંપનીના ફિનિશ ગુડ્સ વેરહાઉસમાં ફરજ બજાવતા લોડિંગ સુપરવાઈઝરોએ કંપનીની જાણ બહાર ફર્ટીલાઈઝર 'ટેકનો-ઝેડ'ની કુલ 71 થેલીઓ ટ્રકમાં ગેરકાયદેસર રીતે લોડ કરાવી સગેવગે કરી હતી. આ સમગ્ર મામલામાં અંદાજે 6.36 લાખના મુદ્દામાલની છેતરપીંડી થઈ હોવાનું બહાર આવ્યું છે. તપાસમાં સામે આવ્યું કે ટ્રક નંબર WB-23-D-8306ના ડ્રાઈવરની મિલીભગતથી ખાતરની થેલીઓ પાલેજ ખાતે રહેતા ઈમ્તિયાઝ પઠાણને કંપનીની મંજૂરી વિના પહોંચાડવામાં આવી હતી. આરોપીઓએ પોતાના અંગત સંપર્કોનો ઉપયોગ કરી કંપની સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી આચરી હતી. ઘટનાની ફરિયાદ નોંધાતા પાનોલી પોલીસે ઝડપી કાર્યવાહી હાથ ધરી હતી. ગણતરીના દિવસોમાં જ ગુનાનો ભેદ ઉકેલી સંજાલી ગામના હોળી ચકલા સ્થિત હાઈટ બિલ્ડિંગમાં રહેતા મોહમદ જીયાઉલ મોહમદ સમશુલ હક, અઝરૂદ્દીન ઈદ્રીશમીંયા મીંયા તેમજ ચોરીનો મુદ્દામાલ ખરીદનાર ઈમ્તિયાઝખાન અનવરખાન પઠાણને ઝડપી પાડ્યા છે.



### નાના શહેરની યુવતીના બદલાતા જીવન પર વાર્તા આધારિત

# ગ્લેમરસ ઇમેજ છોડી વાણી કપૂર બનશે હવે 'સર્વગુણ સંપન્ન'

મુંબઈ


વાણી કપૂરની આગામી ફિલ્મ ‘સર્વગુણ સંપન્ન’ છે. તેના ડિરેક્ટર સોનાલી રતન દેશમુખ છે. તેમણે આ ફિલ્મના આઈડિયાથી લઈને વાણીના આમાં જોડાવા અને વાર્તાના ફોકસ પર ખાસ વાતચીત કરી... ડિરેક્ટર સોનાલી ‘સર્વગુણ સંપન્ન’ વિશે કહે છે...‘ફિલ્મની શરૂઆત કોઈ સ્ટારને ધ્યાનમાં રાખીને નહીં, પરંતુ એક વન-લાઈનર આઈડિયાથી થઈ હતી. ‘શિદત’ પછી મેડૉક ફિલ્મ્સના ક્રિએટિવ હેડ શારદા કાર્કીએ મને લેખક સુમિત ઘિલડિયાલ સાથે તૈયાર કરેલી વાર્તા સંભળાવી, જેમાં મને અલગ પ્રકારની માનવીય કોમેડી જોવા મળી. આ પછી સ્ક્રિપ્ટ પર ઘણા મહિનાઓ સુધી કામ થયું. વાર્તાને વારંવાર લખવામાં આવી, જેથી હાસ્ય પરિસ્થિતિઓમાંથી ઉત્પન્ન થાય અને ભાવનાત્મક સંતુલન પણ જળવાઈ રહે. વન-લાઈનર ફક્ત દિશા આપે છે, અસલી ફિલ્મ સ્ક્રીનપ્લેમાં તૈયાર થાય છે.’ સોનાલીનું કહેવું છે કે, ’ફિલ્મની બાહ્ય સપાટી જોઈને નિષ્કર્ષ ન કાઢવો જોઈએ. કોઈ એડલ્ટ સ્ટારને મળતી આવતી શક્લ વાર્તાનું માત્ર શરૂઆતનું કારણ છે, જ્યારે આખી ફિલ્મ એક નાના શહેરની છોકરીના જીવનમાં આવેલા બદલાવો અને પારિવારિક સંબંધોની આસપાસ ફરે છે.’ સોનાલીના કહેવા મુજબ, ’ફિલ્મનું શૂટિંગ શરૂ થતાં પહેલા વાણીએ લગભગ ત્રણ મહિના સુધી પોતાના પાત્ર પર કામ કર્યું. આ દરમિયાન સતત સ્ક્રિપ્ટ રીડિંગ, વર્કશોપ અને પાત્રની માનસિકતા, ભાષા, બોડી લેંગ્વેજ અને વ્યવહાર પર વિસ્તારપૂર્વક ચર્ચા કરવામાં આવી. અમારો ઉદ્દેશ્ય વાણી પાસે માત્ર અભિનય કરાવવાનો નહોતો, પરંતુ તેમને તે છોકરીની દુનિયા અને વ્યક્તિત્વમાં સંપૂર્ણપણે ઢાળવાનો હતો, જેથી સ્ક્રીન પર તેમનું પાત્ર સંપૂર્ણપણે સ્વાભાવિક લાગે.’ સોનાલી જણાવે છે કે, ‘ફિલ્મ માટે ઋષિકેશની પસંદગી ફક્ત સુંદર લોકેશનને કારણે કરવામાં આવી ન હતી. ધાર્મિક વાતાવરણ, નાના શહેરની સામાજિક સંરચના અને પારિવારિક જીવન વાર્તાનો મહત્વનો ભાગ છે. શૂટિંગ ઋષિકેશની સાથે હરિદ્વાર અને દેહરાદૂનમાં પણ થયું હતું, પરંતુ વાર્તાનો આત્મા ઋષિકેશમાં જ વસે છે.’

સોનાલી એ પણ કહે છે કે, ‘ફેમિલી કોમેડીમાં પંચલાઈન કરતાં સંબંધોની કેમેસ્ટ્રી વધુ કામ કરે છે. જો ફિલ્મ પૂરી થયા પછી દર્શકો હસતાં હસતાં સિનેમાઘરમાંથી બહાર નીકળશે, તો તે જ ‘સર્વગુણ સંપન્ન’ની સૌથી મોટી સફળતા હશે.’

**જો ફિલ્મ પૂરી થયા પછી દર્શકો હસતાં હસતાં સિનેમાઘરમાંથી બહાર નીકળશે**

# 'બટવારા 1947'નું એક્શનફુલ ટ્રેલર રિલીઝ

### આઝાદીના 79 વર્ષ પછી સની અને રાજકુમાર ભારત-પાકિસ્તાનના ભાગલા પર ફિલ્મ લઈને આવ્યા છે




મુંબઈ

આઝાદીના 79 વર્ષ પછી સની દેઓલ અને રાજકુમાર સંતોષી ભારત-પાકિસ્તાનના ભાગલા પર ફિલ્મ લઈને આવ્યા છે. પાર્ટીશનની હિંસા અને પીડાને દર્શાવતી ફિલ્મ ’બટવારા 1947’નું ટ્રેલર રિલીઝ કરવામાં આવ્યું છે. ફિલ્મના ટ્રેલર લોન્ચ ઈવેન્ટ દરમિયાન દિવંગત પિતા ધર્મેન્દ્રને યાદ કરીને સની દેઓલ રડી પડ્યો હતો. ટ્રેલરની શરૂઆત વર્ષો સુધી અંગ્રેજોના દમનકારી શાસનમાંથી દેશને આઝાદી મળી હોવાના શુભ સમાચાર સાથે થાય છે. પણ આ સમાચાર ક્ષણભર માટેની ખુશી આપીને જતાં રહે છે. આઝાદી મળ્યા બાદની હિંસા, એકબીજાથી છૂટા પડવાની પીડા, દેશને છોડીને પરદેશમાં વસવાની વિવશતા જોઈને સની દેઓલ આઘાત પામે છે. સની દેઓલ, તેની પત્ની (પ્રીટિ ઝિંટા), દીકરી અને દીકરો (કરણ દેઓલ) પાકિસ્તાનમાં વસવા મજબૂર થાય છે. પાકિસ્તાનમાં તેમને નવું ઘર ફાળવવામાં આવે છે. પરંતુ નવા ઘરમાં પ્રવેશતાં જ તેઓ સ્તબ્ધ થઈ જાય છે. સની દેઓલને ફાળવેલું ઘર એક વૃદ્ધ હિન્દુ મહિલા (શબાના આઝમી)નું હોય છે, જેઓ ઘર છોડવાની ના પાડે છે. ’માતાનો કોઈ ધર્મ નથી હોતો, દરેક વ્યક્તિનો પહેલો ધર્મ જ મા છે’ બીજી તરફ પાકિસ્તાનમાં લોકો તેમને ઘરમાંથી બહાર કાઢવા માટે દબાણ કરે છે. આ સમયે સની દેઓલ અને તેનો પરિવાર શબાના આઝમીની ઢાલ બનીને ઊભા રહે છે. જ્યારે લોકો તેને પૂછે છે કે, તે એક હિન્દુ મહિલાને બચાવવા માટે આટલો સંઘર્ષ કેમ કરી રહ્યો છે, ત્યારે તે કહે છે, ’હિન્દુ ઓરત? વો મા હે મા. મા કો હિન્દુ-મુસ્લિમ મેં ના બાંટિયે. મા અપને આપ મેં એક મઝહબ (ધર્મ) હે, હર ઈન્સાન કા પહેલા મઝહબ મા હે. હર ઈન્સાન કે મુહ સે નિકલા પહેલા લબ્ઝ (શબ્દ) મા હે (હિન્દુ સ્ત્રી? તે મા છે, મા! માને હિન્દુ-મુસ્લિમમાં ન વહેંચો. મા પોતે જ એક ધર્મ છે.

# ફિલ્મ ‘ધ ઓડિસી’એ 10 દિ'માં ₹6000 કરોડની કમાણી કરી

### 5 મિનિટના રોલ માટે ₹75 કરોડની ફી!:પતિ-પત્નીની જોડીએ સાથે મળી ₹171 કરોડ છાપ્યાં

વૉશિંગ્ટન

મનોરંજન જગતમાં જ્યારે સ્ટાર પાવર અને મહાન ડાયરેક્શન ભેગા થાય, ત્યારે બોક્સ ઓફિસ પર ઈતિહાસ રચાતો હોય છે. ક્રિસ્ટોફર નોલાનની મોસ્ટ અવેટેડ ફિલ્મ ‘ધ ઓડિસી’ (The Odyssey) અત્યારે થિયેટરોમાં ધૂમ મચાવી રહી છે. પરંતુ આ ફિલ્મની સ્ટોરી કરતાં પણ વધુ ચર્ચા હોલિવૂડના રિયલ લાઈફ કપલ ટોમ હોલેન્ડ અને ઝેન્ડાયાની અધધધ ફીની થઈ રહી છે! આ પાવર કપલે એક જ ફિલ્મથી કુલ 171 કરોડની કમાણી કરી લીધી છે, જેમાં ઝેન્ડાયાના માત્ર 5 મિનિટના રોલે આખા સોશિયલ મીડિયા પર સનસનાટી મચાવી દીધી છે.

મિનિટના 15 કરોડ! ઝેન્ડાયાની સ્ટાર પાવરનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે આ ફિલ્મમાં તેનો સ્ક્રીન ટાઈમ માત્ર 5થી 6 મિનિટનો જ છે. આટલી નાની ભૂમિકા (એથેનાનો રોલ) માટે તેને આશરે 75 કરોડની જંગી ફી મળી છે. એટલે કે ઝેન્ડાયાએ સ્ક્રીન પરના દર એક મિનિટના 15 કરોડ વસૂલ્યા છે. બીજી તરફ ફિલ્મમાં મુખ્ય ભૂમિકા ભજવનાર અને ’સ્પાઈડરમેન’ ફેમ તેના પતિ ટોમ હોલેન્ડને ’ટેલીમાકસ’ના રોલ માટે આશરે 96 કરોડ ચૂકવવામાં આવ્યા છે. 17 જુલાઈએ રિલીઝ થયેલી હોમરના પ્રખ્યાત મહાકાવ્ય પર આધારિત આ ફિલ્મે કમાણીના તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે: 2,400 કરોડ- નોલાનની અત્યાર સુધીની સૌથી મોંઘી ફિલ્મ. રિલીઝના થોડા જ દિવસોમાં ફિલ્મે વિશ્વભરમાં 6,100 કરોડથી વધુની છપ્પરફાડ કમાણી કરી લીધો છે. આ ફિલ્મમાં મેટ ડેમન, અલ્ટ્રા-ગ્લેમરસ ઝેન્ડાયા, ટોમ હોલેન્ડ, એની હેથવે અને રોબર્ટ પેટિન્સન જેવા દિગ્ગજો સામેલ છે. ’ધ ઓડિસી’થી બોક્સ ઓફિસ ધ્રુજાવ્યા બાદ આ જ અઠવાડિયે 31 જુલાઈએ આ સુપરહિટ જોડીની મચ-અવેટેડ ફિલ્મ ‘સ્પાઈડર-મેન: બ્રાન્ડ ન્યૂ ડે’ પણ થિયેટરોમાં રિલીઝ થઈ રહી છે. આ ફિલ્મમાં ટોમ હોલેન્ડ સ્પાઈડરમેનના રોલમાં અને ઝેન્ડાયા તેની પ્રેમિકા ’MJ’ ના રોલમાં જોવા મળશે.






# 'નવી પેઢીની મહિલાઓ 'ગટર છાપ' છે!': કંગના રનૌતનું નિવેદન

### મહિનાઓની તીવ્ર સ્પર્ધા, સંગીતમય લડાઈઓ અને યાદગાર પ્રદર્શન પછી, શોને તેના ટોચના 6 ફાઇનલિસ્ટ મળી ગયા છે

મુંબઈ

સાંસદ અને એક્ટ્રેસ કંગના રનૌતે નવી પેઢીની ભારતીય મહિલાઓને ‘ગટર છાપ’ કહી. કંગનાનું કહેવું છે કે આ મહિલાઓ સ્વતંત્ર મહિલાઓનો વાદ કરી નશો કરવો, દારૂ પીવો અને અસંખ્ય પુરુષો સાથે યૌન સંબંધ બાંધવાને સ્વતંત્રતા કહે છે. કંગનાએ સત્તાવાર ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટના સ્ટોરી સેક્શનમાંથી લખ્યું છે, ’સૌથી શરમજનક વાત એ યુવા હિંદુ મહિલાઓનું વર્તન છે, જે સ્વતંત્ર અને કારકિર્દી બનાવતી મહિલાઓના જીવનની નકલ કરવા માંગે છે, પરંતુ તે આઝાદી સાથે આવતી જવાબદારીઓને નિભાવવા માંગતી નથી. સ્વતંત્ર મહિલાઓ વિદ્રોહી નિર્ણયો લે છે, સ્પષ્ટ અભિપ્રાય રાખે છે, પરંપરાઓથી હટીને કારકિર્દી પસંદ કરે છે અને પોતાના દરેક નિર્ણયની સંપૂર્ણ જવાબદારી પણ ઉઠાવે છે. તેમને પોતાના કર્મોની કિંમત પોતે જ ચૂકવવી પડે છે. તે પોતાના માતા-પિતા કે પરિવારના ભોગે આવું કરતી નથી.’ આગળ કંગનાએ લખ્યું, ’આજે કહેવાતી પશ્ચિમી વિચારસરણીથી પ્રભાવિત ભારતીય મહિલાઓની એક નવી પેઢી સામે આવી છે. હું તેમને ’ગટર છાપ જનરેશન’ કહું છું. આમાંથી કેટલીક પાસે સમાજને આપવા માટે કંઈ નથી. તે ભણવામાં સારી નથી, ઉપરાંત એટલી ખરાબ વિચારસરણી અને ભ્રષ્ટ માનસિકતા ધરાવે છે કે સારી ગૃહિણી પણ બની શકતી નથી.’ ’તેમ છતાં તેઓ પોતાની કહેવાતી આઝાદીનો દેખાડો કરે છે, નશો, દારૂ અને અસંખ્ય જાતીય સંબંધોને પોતાની આઝાદી ગણાવે છે. શરમ વિના પોતાના માતા-પિતાની કમાણી પર જીવે છે અને સતત સ્વતંત્ર જીવન જીવવાની વાતો કરે છે, જ્યારે વાસ્તવમાં તેઓ આત્મનિર્ભર હોતી જ નથી. એક નાની યાદ અપાવી દઉં, આઝાદ જીવન કમાવવું પડે છે. જો જવાબદારી ઉઠાવ્યા વિના સ્વતંત્ર બનવાનો પ્રયાસ કરશો, તો તમે ફક્ત એક વિકૃત માનસિકતાવાળા માણસ છો, ’ગટર છાપ’. ’ ‘કેવું પાલનપોષણ થઈ રહ્યું છે ભાજપના સાંસદ અને એક્ટ્રેસ કંગના રનૌતે સોમવારે વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન પર પણ વિવાદાસ્પદ અભિપ્રાય આપ્યો અને નવી પેઢીના પાલનપોષણ પર સવાલો ઉઠાવ્યા છે.

# 'વર્જિન વાઇફ' શોધશો નહીં, 'વર્જિનિટી' એક રાતમાં ખતમ થઇ જાય છે...: પ્રિયંકા નું વિવાદિત વિચારવા જેવું નિવેદન

મુંબઈ

ગ્લોબલ આઈકોન અને બિલકુલ બિન્દાસ અંદાજ માટે જાણીતી અભિનેત્રી પ્રિયંકા ચોપડા પોતાના નિવેદનોને કારણે અવારનવાર ચર્ચામાં રહે છે. તાજેતરમાં તેણે લગ્ન, સંબંધો અને સામાજિક માનસિકતા અંગે આપેલું એક નિવેદન સોશિયલ મીડિયાથી લઈને સામાજિક વર્તુળોમાં જોરશોરથી ચર્ચાઈ રહ્યું છે. પ્રિયંકાએ પુરુષો અને સમાજની માનસિકતા પર સીધો પ્રહાર કરતાં કહ્યું છે કે, ‘કોઈ પોતાના માટે ’વર્જિન વાઈફ’ શોધવાનો પ્રયાસ ન કરે, કારણ કે ’વર્જિનિટી’ તો માત્ર એક જ રાતમાં ખતમ થઈ જાય છે...‘ પ્રિયંકાના આ તીખા બોલ પછી સોશિયલ મીડિયા પર બે અલગ-અલગ વિચારધારાઓ સામસામે આવી ગઈ છે. એક તરફ પરંપરાગત માનસિકતા ધરાવતો વર્ગ આ નિવેદનનો વિરોધ કરી રહ્યો છે, તો બીજી તરફ આધુનિક અને તાર્કિક વિચારસરણી ધરાવતો યુવા વર્ગ તેને ટેકો આપી રહ્યો છે.\ સંબંધોમાં ચારિત્ર્યનું માપદંડ શું હોઈ શકે? આજના સમયમાં પણ અનેક કિસ્સાઓમાં જોવા મળે છે કે પુરુષો પોતાના જીવનસાથીની પસંદગી કરતી વખતે તેની કૌમાર્યતા (વર્જિનિટી)ને ચારિત્ર્યનું સૌથી મોટું માપદંડ માને છે. પ્રિયંકા ચોપડાએ આ જ માનસિકતા પર પ્રશ્ન ઉઠાવ્યો છે. તેના કહેવાનો ભાવાર્થ એ છે કે, જે બાબત માત્ર શારીરિક છે અને એક જ રાતમાં પૂરી થઈ જાય છે, તેને આખી જિંદગીના સંબંધનો આધાર કેમ માનવો? જીવનસાથી પસંદ કરતી વખતે વ્યક્તિનું વ્યક્તિત્વ, તેના વિચારો, તેનું માનસિક સમતોલન, પરસ્પર પ્રેમ, આદર અને સમજણ વધારે મહત્વના છે. સમાજ માટે મંથન કરવાનો વિષય ૧. બેવડા ધોરણો પર પ્રહાર: સમાજમાં હંમેશા સ્ત્રીઓની જ પવિત્રતા કે ચારિત્ર્ય પર સવાલો ઉઠાવવામાં આવે છે. પ્રિયંકાનું આ નિવેદન સામાજિક માનસિકતાના બેવડા ધોરણો સામે આંગળી ચિંતે છે.



## હાઈ જમ્પમાં સિલ્વર જીતનાર સર્વેશ પ્રથમ ભારતીય બન્યા


# ભારતને કોમનવેલ્થ ગેમ્સમાં બીજો ગોલ્ડ: શર્મિલા ધનખડે શોટ પુટમાં મેડલ જીત્યો

ગ્લાસગો

ભારતના શર્મિલા ધનકડે કોમનવેલ્થ ગેમ્સમાં મહિલાઓની પેરા શોટ પુટ F57 ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યો. તેમણે 9.81 મીટરનો સિઝનનો શ્રેષ્ઠ થ્રો કરીને આ સિદ્ધિ હાંસલ કરી. આ વર્તમાન રમતોમાં ભારતનો બીજો ગોલ્ડ મેડલ છે. આ જ ઈવેન્ટમાં ભારતના શિલ્પા કે. શાયલાએ બ્રોન્ઝ મેડલ પોતાના નામે કર્યો.

F57 કેટેગરીમાં એવા પેરા એથ્લેટ્સનો સમાવેશ થાય છે, જેમના નીચલા અંગો પ્રભાવિત હોય છે અથવા જેમની માંસપેશીઓની તાકાત ઓછી હોય છે.

ભારતના મેડલ ટેલીમાં કુલ 10 મેડલ થઈ ગયા છે અને ટીમ આઠમા સ્થાને છે. ઓસ્ટ્રેલિયા 26 ગોલ્ડ સહિત 59 મેડલ સાથે પ્રથમ સ્થાને છે.



અન્ય ઈવેન્ટ્સમાં હાઈ જમ્પમાં સર્વેશ કુશારે અને વેઈટલિફ્ટિંગના 79 કિલોગ્રામ વર્ગમાં અજય બાબુએ સિલ્વર મેડલ જીત્યો. જ્યારે, બિંદિયારાણી દેવીએ 58 કિલોગ્રામ વર્ગમાં બ્રોન્ઝ મેડલ મેળવ્યો, જ્યારે જ્ઞાનેશ્વરી યાદવે 53 કિલોગ્રામ વર્ગમાં સિલ્વર મેડલ જીત્યો. શર્મિલા ધનખડ હરિયાણાના મહેન્દ્રગઢ જિલ્લાના ચિત્રૌલી ગામના રહેવાસી છે. 2 વર્ષની ઉંમરે પોલિયોનો શિકાર બન્યા હતા, જેના કારણે તેમનો એક પગ પ્રભાવિત થયો હતો. પિતા નાના ખેડૂત હતા અને માતા દૃષ્ટિહીન છે. વધુ સારી સારવાર થઈ શકી નહીં. આર્થિક તંગી વચ્ચે નાની ઉંમરે તેમના લગ્ન કરી દેવામાં આવ્યા. શર્મિલા માટે પેરા એથ્લેટિક્સની સફર સરળ ન હતી. 34 વર્ષની ઉંમરે તેમણે કોચ ટેકચંદ અને દેવેન્દ્રના માર્ગદર્શન હેઠળ F57 કેટેગરીની સીટેડ શૉટ પુટ ઈવેન્ટની તાલીમ શરૂ કરી.

આર્થિક તંગી એટલી હતી કે 2023માં તાલીમનો ખર્ચ ભેગો કરવા માટે તેમણે પોતાનું ઘર વેચી દીધું. ત્યારબાદ પરિવાર ભાડાના મકાનમાં રહેવા લાગ્યો, પરંતુ શર્મિલાએ અભ્યાસ છોડ્યો નહીં. બીજા લગ્ન પછી મળ્યો નવો માર્ગ 26 વર્ષની ઉંમરે પતિએ તેમને ઘરમાંથી કાઢી મૂક્યા. ત્યાં સુધીમાં તેમને બે દીકરીઓ હતી. તે બંને દીકરીઓને લઈને પિયર પાછી ફરી. 28 વર્ષની ઉંમરે તેમણે અજીત સાથે બીજા લગ્ન કર્યા.

## FIFA વર્લ્ડ કપ પછી લિયોનેલ મેસ્સીની ખાસ ભેટ

આર્જેન્ટિના

FIFA વર્લ્ડ કપ 2026ની ફાઈનલમાં સ્પેન સામે હાર મળ્યા પછી, આર્જેન્ટિનાના કેપ્ટન લિયોનેલ મેસ્સીએ પોતાની ટીમના ખેલાડીઓને ખાસ ભેટ આપી છે. મેસ્સીએ ટીમના દરેક સભ્યને પર્સનલાઈઝ્ડ બેગ અને મેટ સેટ ગિફ્ટ કર્યો છે.

આ માહિતી આર્જેન્ટિનાના ફૂટબોલર માર્કોસ સેનેસીની પાર્ટનર કેલ્સી-રોઝ બોવર્સે ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટથી આપી હતી. બોવર્સે વીડિયોમાં બતાવ્યું કે મેસ્સીએ દરેક ખેલાડીને એક કસ્ટમાઈઝ્ડ કારમેલ રંગની બેગ આપી છે, જેના પર ખેલાડીનું નામ લખેલું છે. બેગની અંદર એક ખાસ મેટ સેટ છે, જે મેસ્સીએ ટીમના દરેક સભ્યને આપ્યો છે. આ કિટમાં મેસ્સીના લોગોવાળો એક કસ્ટમાઈઝ્ડ ગોલ્ડ સ્ટેનલી કપ, એક મેટ કપ, એક બોમ્બિલા (મેટ પીવા માટે ઉપયોગમાં લેવાતી પરંપરાગત મેટલ સ્ટ્રો) અને યરબા મેટનું એક પેક સામેલ છે. બોવર્સે તેને ખૂબ જ શાનદાર ભેટ ગણાવી છે.

ફાઈનલમાં મળી હતી હાર

આર્જેન્ટિનાનું સતત બીજી વખત વર્લ્ડ કપ જીતવાનું સપનું 2026ની ફાઈનલમાં તૂટી ગયું હતું. ન્યૂ જર્સીના મેટલાઈફ સ્ટેડિયમમાં રમાયેલી ફાઈનલ મેચમાં સ્પેને આર્જેન્ટિનાને 1-0થી હરાવ્યું હતું. મેચની 106મી મિનિટે ફેરન ટોરેસે ગોલ કરીને આર્જેન્ટિનાની આશાઓનો અંત લાવી દીધો હતો.

મેસ્સીનું પ્રદર્શન અને ચાહકોની પ્રતિક્રિયા

મેસ્સીએ 2026 વર્લ્ડ કપમાં 8 મેચમાં 853 મિનિટ મેદાન પર વિતાવી. આ દરમિયાન તેણે 8 ગોલ કર્યા અને 4 આસિસ્ટ આપ્યા. એક યુઝરે યાદ અપાવ્યું કે 2022 વર્લ્ડ કપ પછી પણ મેસ્સીએ પોતાની ટીમના તમામ ખેલાડીઓને કસ્ટમાઈઝ્ડ ગોલ્ડ પ્લેટેડ આઈફોન ગિફ્ટ કર્યા હતા.

### વેસ્ટ ઇન્ડીઝે 155 રનની લીડ મેળવી

## ટારૌબા ટેસ્ટનો ત્રીજો દિવસ: પાકિસ્તાન 282 રનમાં ઓલઆઉટ થયું

ટારૌબા

ટારૌબાના બ્રાયન લારા સ્ટેડિયમમાં રમાઈ રહેલી પ્રથમ ટેસ્ટના ત્રીજા દિવસની રમત સમાપ્ત થઈ ત્યાં સુધીમાં વેસ્ટ ઈન્ડીઝે બીજી ઈનિંગમાં 7 વિકેટે 126 રન બનાવ્યા હતા. પહેલી ઈનિંગમાં મળેલી 29 રનની લીડના આધારે તેની કુલ લીડ 155 રન થઈ ગઈ છે. સ્ટમ્પ્સ સમયે શમાર જોસેફ 22 અને કેમાર રોચ 13 રન બનાવીને અણનમ પાછા ફર્યા હતા. ત્રીજા દિવસે બંને ટીમની પ્રથમ અને બીજી ઈનિંગ મળીને કુલ 14 વિકેટ પડી હતી. આ પહેલા પાકિસ્તાનની પ્રથમ ઈનિંગ 282



રનમાં સમેટાઈ ગઈ હતી. કેપ્ટન શાન મસૂદે 109 રનની સદીની ઈનિંગ રમી હતી, પરંતુ જસ્ટિન ગ્રીવ્સે 27 રન આપીને 5 વિકેટ લઈને પાકિસ્તાનને મોટી લીડ બનાવતા રોક્યું હતું. ગ્રીવ્સે 5 વિકેટ લઈને પાકિસ્તાનની ઈનિંગ સમેટી ત્રીજા દિવસે પાકિસ્તાને 3 વિકેટે 209 રનથી પોતાની ઈનિંગ્સ આગળ વધારી. શાન મસૂદ અને સલમાન અલી આગાએ ટીમને સંભાળી, પરંતુ સલમાન આઉટ થયા પછી નીચલો ક્રમ લાંબો સમય ટકી શક્યો નહીં. ગ્રીવ્સે સતત દબાણ જાળવી રાખ્યું અને 5 વિકેટ લઈને પાકિસ્તાનની પ્રથમ ઈનિંગ્સ 282 રન પર સમેટી લીધી. આનાથી વેસ્ટ ઈન્ડીઝને પહેલી ઈનિંગ્સના આધારે 29 રનની લીડ મળી. બીજી ઈનિંગ્સમાં વેસ્ટ ઈન્ડીઝની શરૂઆત પણ સારી રહી ન હતી. મોહમ્મદ અબ્બાસે બ્રેન્ડન કિંગ અને કાવેમ હોજને આઉટ કર્યા, જ્યારે મોહમ્મદ અલીએ આમિર જંગુની વિકેટ લીધી. ટી-બ્રેક સુધી વેસ્ટ ઈન્ડીઝનો સ્કોર 3 વિકેટે 30 રન હતો.

# શ્રીલંકા ટેસ્ટ સિરીઝ માટે ભારતીય ટીમની જાહેરાત

### કેએલ રાહુલ વાઈસ કેપ્ટન, જાડેજાનું કમબેક; 33 વર્ષીય સારાંશ જૈનનું ડેબ્યૂ થઈ શકે

મુંબઈ

BCCIએ શ્રીલંકા સામેની બે ટેસ્ટ મેચની સિરીઝ માટે ભારતીય ટીમની જાહેરાત કરી દીધી છે. ઓલરાઉન્ડર રવીન્દ્ર જાડેજા ફિટ થઈને ટીમમાં પરત ફર્યો છે. મધ્ય પ્રદેશના 33 વર્ષીય ઓફ-સ્પિન ઓલરાઉન્ડર સારાંશ જૈનને ડોમેસ્ટિક ક્રિકેટ અને તાજેતરના ઈન્ડિયા-A પ્રવાસ પરના શાનદાર પ્રદર્શનના આધારે પ્રથમ વખત નેશનલ ટેસ્ટ ટીમમાં સામેલ કર્યો છે. જ્યારે, ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ અને સાઈ સુદર્શનને ટીમમાં રાખ્યા છે પરંતુ તેમની પસંદગી તેમની ફિટનેસના આધારે થશે. જ્યારે નીતિશ કુમાર રેડ્ડી ક્વાડ્રિસેપ્સની ઈજામાંથી સંપૂર્ણપણે ફિટ ન



હોવાને કારણે આ સિરીઝનો ભાગ નહીં હોય. જોકે, વોશિંગ્ટન સુંદર હેમસ્ટ્રિંગની ઈજાને કારણે પ્રથમ ટેસ્ટ મેચમાંથી બહાર થઈ ગયો છે. બે મેચની આ ટેસ્ટ સિરીઝ 15 ઓગસ્ટથી ગૉલમાં શરૂ થશે. મધ્ય પ્રદેશના સ્પિન ઓલરાઉન્ડર સારાંશ જૈનને પહેલીવાર ભારતીય ટેસ્ટ ટીમમાં સ્થાન મળ્યું છે. તેણે તાજેતરમાં શ્રીલંકા પ્રવાસે ઈન્ડિયા-A માટે બીજી ચાર દિવસીય મેચમાં અણનમ 70 રન બનાવ્યા હતા. આ ઉપરાંત મેચમાં 6 વિકેટ લઈને પસંદગીકારોનું ધ્યાન પણ ખેંચ્યું હતું. 33 વર્ષીય સારાંશે અત્યાર સુધી 54 ફર્સ્ટ ક્લાસ મેચમાં 31.75ની સરેરાશથી 2,223 રન બનાવ્યા છે. જ્યારે, બોલિંગમાં તેણે 27.30ની સરેરાશથી 188 વિકેટ લીધી છે. વોશિંગ્ટન સુંદર પહેલી ટેસ્ટ માટે ઉપલબ્ધ નથી. આવા સંજોગોમાં સારાંશ પાસે સ્પિન ઓલરાઉન્ડર તરીકે પોતાની જગ્યા મજબૂત કરવાની સારી તક હશે. ભારતીય બેટિંગ ક્રમમાં વધુ ફેરફાર કર્યા નથી. કેએલ રાહુલ અને યશસ્વી જયસ્વાલ ઈનિંગ્સની શરૂઆત કરશે, જ્યારે કેપ્ટન શુભમન ગિલ નંબર-4 પર બેટિંગ કરશે. સાઈ સુદર્શન સાથે દેવદત્ત પડિક્કલ પણ ટીમનો ભાગ છે. વિકેટકીપિંગની જવાબદારી રિષભ પંત સંભાળશે, જ્યારે ધ્રુવ જુરેલ રિઝર્વ વિકેટકીપર હશે. સ્પિનમાં જાડેજા, કુલદીપ અને માનવ સુથાર પર ભરોસો સ્પિન ડિપાર્ટમેન્ટમાં રવીન્દ્ર જાડેજા, કુલદીપ યાદવ અને અક્ષર પટેલ ટીમમાં સામેલ છે. ટેસ્ટ ડેબ્યૂમાં 7 વિકેટ લેનાર માનવ સુથાર પણ ટીમમાં છે. શ્રીલંકાના ઘણા ડાબા હાથના બેટરોને જોતા ઓફ સ્પિન ઓલરાઉન્ડર સારાંશ જૈન પણ પસંદગીકારોની નજરમાં છે.



### બેબી પાવડરથી થતાં કેન્સરના કેસો પતાવવા માટે કંપનીની ઓફર

# ₹52,000 કરોડ ચૂકવશે જોન્સન & જોન્સન

કેલિફોર્નિયા

વિશ્વની સૌથી મોટી ફાર્માસ્યુટિકલ અને બેબી પ્રોડક્ટ્સ કંપનીઓમાંની એક જોન્સન એન્ડ જોન્સન પોતાના પાવડરથી કેન્સર થવાના હજારો કેસોમાં કંપનીએ એક ઐતિહાસિક અને મોટો નિર્ણય લીધો છે. કંપની તેના ટેલ્કમ બેઝ્ડ બેબી પાવડરના કારણે ઓવેરિયન કેન્સરનો ભોગ બનેલી હજારો મહિલાઓના દાવો પતાવવા માટે અંદાજે 52,000 કરોડ ચૂકવવા માટે સંમત થઈ છે. આ નિર્ણયથી છેલ્લા ઘણા દાયકાઓથી કાનૂની લડાઈ લડી રહેલી હજારો પીડિત મહિલાઓ અને તેમના પરિવારજનોને મોટી આર્થિક અને માનસિક રાહત મળશે. શું હતો સમગ્ર વિવાદ? જોન્સન




એન્ડ જોન્સન કંપનીના ટેલ્કમ-બેઝ્ડ બેબી પાવડરનો ઉપયોગ કરનારી હજારો મહિલાઓએ આક્ષેપ કર્યો હતો કે, પાવડરમાં 'એસ્બેસ્ટોસ' નામનું ઝેરી તત્વ ભળેલું હતું. લાંબા સમય સુધી આ પાવડરના ઉપયોગથી મહિલાઓમાં ઓવેરિયન કેન્સર અને મિસોથેલિયોમા (એક પ્રકારનું દુર્લભ કેન્સર) જેવી ગંભીર બીમારીઓ થઈ હતી. અમેરિકા સહિત વિશ્વભરની કોર્ટમાં કંપની સામે 62,000થી પણ વધુ કેસો નોંધાયા હતા, જેમાં મહિલાઓએ દાવો કર્યો હતો કે કંપની પોતાના પાવડરમાં એસ્બેસ્ટોસ હોવાની વાત જાણતી હોવા છતાં તેણે આ માહિતી ગ્રાહકોથી છુપાવી રાખી હતી. કંપનીએ આ તમામ કેસોની પતાવટ કરવા માટે પોતાની પેટાકંપની (LLC) દ્વારા અમેરિકાના બેન્કરપ્સી લો (Bankruptcy Law)ની 'ચેપ્ટર 11' અંતર્ગત અરજી દાખલ કરી છે. કંપનીએ જણાવ્યું છે કે જો 75% પીડિતો (ક્લેમન્ટ્સ) આ પ્રસ્તાવની તરફેણમાં વોટ કરશે, તો તમામ કેસો કોર્ટની બહાર જ એક સાથે સેટલ થઈ જશે.

### રિઝર્વ બેંકના પગલાંથી દેશમાં 80થી 85 અબજ ડોલરનો ઇન્ફ્લો વધવાની શક્યતા

# રૂપિયામાં સ્પ્રિંગ જેવો ઉછાળો: ડોલર 66 પૈસા ગબડીને રૂ.96ની અંદર

### ક્રૂડના ભાવ ઘટવા અને શેરબજારની તેજીને પગલે રૂપિયા પર હકારાત્મક અસર થઇ. ડોલર 95.91 રૂપિયા થયો, જ્યારે પાઉન્ડ 127.83 અને યુરો 109.28 રૂપિયા થયા

મુંબઈ

મુંબઈ કરન્સી બજારમાં આજે રૂપિયા સામે ડોલરના ભાવ ઝડપી તૂટી જતાં રૂપિયામાં સ્પ્રિંગ જેવો ભાવ ઉછાળો જોવા મળ્યો હતો. વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવ ૭થી ૮ ટકા તૂટી જતાં તથા ઘરઆંગણે શેરબજારમાં તેજી આવતાં કરન્સી બજારમાં રૂપિયા પર આજે ખાસ્સી પોઝીટીવ ઈમ્પેક્ટ દેખાઈ હતી ડોલરના ભાવ બેકફૂટ પર રહ્યા હતા. ડોલરના ભાવ રૂ.૯૬.૫૭ વાળા આજે સવારે રૂ.૯૬.૧૫ ખુલ્યા પછી ઉંચામાં ભાવ રૂ.૯૬.૨૮ થયા પછી નીચામાં ભાવ રૂ.૯૬ની અંદર ઉતરી રૂ.૯૫.૭૫ થઈ રૂ.૯૫.૯૧ રહ્યા હતા. ડોલરના ભાવ આજે રૂપિયા સામે ૬૬ પૈસા તૂટતાં ડોલર સામે રૂપિયો ૦.૬૮ ટકા ઉંચકાયો હોવાનું બજારના જાણકારો જણાવી રહ્યા હતા. રૂપિયાના ભાવમાં આજે જોવા મળેલી વૃદ્ધી છેલ્લા ચાર સ પ્તાહની સૌથી મોટી એક દિવસીય વૃદ્ધી હોવાનું બજારના સૂત્રોએ જણાવ્યું હતું. દરમિયાન, વિશ્વ બજારમાં વિવિધ પ્રમુખ કરન્સીઓ



સામે ડોલરનો ગ્લોબલ ઈન્ડેક્સ આજે ઘટાડા પર રહ્યો હતો. ડોલરનો વૈશ્વિક ઈન્ડેક્સ ઉંચામાં ૧૦૧.૩૨તથા નીચાંમાં ૧૦૧.૧૨ થઈ ૧૦૧.૨૬ રહ્યાના સમાચાર હતા. ઈરાન તથા અમેરિકા વચ્ચ શાંતિની શક્યતા વધતાં વિશ્વ બજારમાં ડોલરમાં આજે સેફ-હેવન સ્વરૂપની નવી લેવાલી ધીમી પડયાના સમાચાર મળ્યા હતા. અમેરિકામાં મંગળ તથા બુધવારે મળનારી ફેડરલ રિઝર્વની મિટિંગમાં હવે વ્યાજના દર વિશે કેવો વ્યુહ અપનાવવામાં આવે છે તેના પર વિશ્વ બજારના ખેલાડીઓનીનજર રહી હતી. ત્યાં વ્યાજના દરનમાં પા ટકાની વૃદ્ધી થવાની શકયતા પણ વિશ્વ બજારમાં આજે ચર્ચાઈ રહી હતી.

દરમિયાન, મુંબઈ કરન્સી બજારમાં આજે રૂપિયા સામ` બ્રિટીશ પાઉન્ડના ભાવ ૭૭ પૈસા ઘટી નીચામાં ભાવ રૂ.૧૨૭.૭૮ થઈ રૂ.૧૨૭.૮૩ રહ્યા હતા. યુરોપીયન કરન્સી યુરોના ભાવ રૂપિયા સામે ૬૯ પૈસા ગબડી નીચામાં ભાવ રૂ.૧૦૯.૨૩ થઈ રૂ.૧૦૯.૨૮ રહ્યા હતા. જાપાનની કરન્સી આજે રૂપિયા સામે ૦.૫૪ ટકા તૂટી હતી જ્યારે ચીનની કરન્સી રૂપિયા સામે આજે ૦.૬૪ ટકા માઈનસમાં ટ્રેડ થઈ રહી હોવાનું બજારના સૂત્રોએ જણાવ્યું હતું. એકંદરે વિવિધ કરન્સીઓ સામે આજે રૂપિયામાં નોંધપાત્ર તેજી જોવા મળી હતી. મુંબઈ બજારમાં આજે રિઝર્વ બેન્કની સક્રિયતા વચ્ચે વિવિધ સરકારી બેન્કો ડોલર વેંચી રહી હતી.

### સોના-ચાંદીના ભાવમાં મોટો કડાકો બોલાયો

# ચાંદી ₹6,500 ઘટી ₹2.18 લાખ પર આવી, સોનામાં 1,900 રૂપિયાનો ઘટાડો

મુંબઈ

સોના-ચાંદીની કિંમતોમાં 28 જુલાઈએ ઘટાડો થયો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, એક કિલો ચાંદી 6,543 રૂપિયા સસ્તી થઈને 2.18 લાખ રૂપિયા પર આવી ગઈ છે. જ્યારે, 10 ગ્રામ 24 કેરેટ સોનાનો ભાવ 1,907 રૂપિયા ઘટીને 1.43 લાખ રૂપિયા પર આવી ગયો છે. આ વર્ષે સોના-ચાંદીની કિંમતમાં સતત ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. સોનું 2026માં અત્યાર સુધી 10 હજાર રૂપિયા મોંઘું થયું છે. 31 ડિસેમ્બર 2025ના રોજ 10g સોનું 1.33 લાખ રૂપિયાથી ઉપર હતું, જે હવે 1.43 લાખ રૂપિયા પર પહોંચી ગયું છે. જ્યારે, ચાંદીની કિંમતમાં 12 હજાર



રૂપિયાનો ઘટાડો થયો છે. ચાંદી 31 ડિસેમ્બર 2025ના રોજ 2.30 લાખ રૂપિયા પ્રતિ કિલો હતી, જે હવે 2.18 લાખ રૂપિયા પર છે. આ સમયગાળા દરમિયાન, 29 જાન્યુઆરીએ સોનું 1.76 લાખ રૂપિયા અને ચાંદી 3.86 લાખ રૂપિયા ઓલટાઈમ હાઈ પર પહોંચી હતી. કોમોડિટી એક્સપર્ટ અજય કેડિયાના મતે સોના-ચાંદીના ભાવ તેમની ઊંચી સપાટીથી ઘણા નીચે આવી ગયા છે. આવી સ્થિતિમાં, રોકાણકારો તેમાં રોકાણ કરી શકે છે, જોકે તેમાં એકસાથે રોકાણ કરવાનું ટાળવું જોઈએ. અજય કેડિયાના મતે, વર્ષના અંત સુધીમાં સોનું ફરી એકવાર 1.60 લાખ અને ચાંદી 2.80 લાખ રૂપિયા સુધી જઈ શકે છે. એક્સચેન્જ ટ્રેડેડ ફંડ સોના અને ચાંદીના વધતા-ઘટતા ભાવો પર આધારિત હોય છે. ગોલ્ડ ETF અથવા સિલ્વર ETF ની ખરીદ-વેચાણ શેરની જેમ જ BSE અને NSE પર કરી શકાય છે. તેમાં તમને સોનું કે ચાંદી મળતું નથી. તમે જ્યારે તેમાંથી બહાર નીકળવા માંગો ત્યારે તમને તે સમયના સોના-ચાંદીના ભાવ બરાબર પૈસા મળી જશે.

## ક્રૂડના ભાવ નવ ટકા તૂટી 90 ડોલરની અંદર

■ **વિશ્વ બજારમાં પ્લેટીનમના ભાવ 1635 ડોલર રહ્યા હતા. પેલેડીયમના ભાવ 1282 ડોલર રહ્યા હતા**

મુંબઈ

મુંબઈ ઝવેરી બજારમાં આજે સોના -ચાંદીના ભાવ ઉંચકાયા હતા. વિશ્વ બજારના સમાચાર તેજી બતાવતા હતા. જોકે ઘરઆંગણે કરન્સી બજારમાં આજે ડોલર સામે રૂપિયો ઝડપી ઉછળતાં દેશના ઝવેરી બજારમાં ભાવ વૃદ્ધી એકંદરે ધીમી રહી હતી. ઈરાન તથા અમેરિકા વચ્ચે ફરી યુદ્ધ વિરામની શક્યતા વધતાં વિશ્વ બજારમાં ડોલર ઈન્ડેક્સમાં ઘટાડાના પગલે વૈશ્વિક સોનામાં ફંડોનૂં બાઈંગ વધ્યાના વાવડ હતા. વૈશ્વિક સોનાના ભાવ આજે ઔંસના ૪૦૫૧થી ૪૦૫૨ ડોલરવાળા ઉછળી ઉંચામાં ભાવ ૪૧૧૬ થઈ ૪૦૯૨થી ૪૦૯૩ ડોલર રહ્યાના સમાચાર હતા. દરમિયાન, ઘરઆંગણે મુંબઈ બુલિયન બજારમાં સોનાના ભાવ જીએસટી વગર રૂ.૮૦૦ વધી ૯૯૫ના ભાવ રૂ.૧૪૩૮૮૮ તથા ૯૯૯ના ભાવ રૂ.૧૪૪૪૬૬ રહ્યા હતા. જ્યારે મુંબઈ ચાંદીના ભાવ જીએસટી વગર કિલોદીઠ રૂ.૨૦૦૦ વધી રૂ.૨૨૪૪૪૭ રહ્યા હતા. વિશ્વ બજારમાં સોના પાછળ ચાંદીના ભાવ પણ ઔંસના ૫૮.૧૭થી ૫૮.૧૮ વાળા વધી ઉંચામાં ભાવ ૬૦.૦૯ થઈ ૫૯.૦૦થી ૫૯.૦૧ ડોલર રહ્યા હતા. વિશ્વ બજારમાં યુદ્ધ શાંતિની વાતો વચ્ચે ક્રૂડના ભાવ આજે ૭થી૯ ટકા તૂટયા હતા. બ્રેન્ટ ક્રૂડના ભાવ બેરલના નીચામાં ૮૭.૫૫ થઈ ૮૯.૩૯ ડોલર રહ્યા હતા.

# આખું અમદાવાદ ડૂબ્યું તો રાજીનામું કોણ આપશે?

## વિપક્ષે મેયર અને મ્યુનિ. કમિશનરને ભારે વરસાદના કારણે ભરાયેલા વરસાદી પાણીથી નાગરિકોને થયેલી હાલાકીને લઈને આડે હાથ લીધા


ડેપ્યુટી મેયર અંજુ શાહ


મેયર હિતેશ બારોટ


મ્યુનિ. કમિશનર

**અમદાવાદ**


સ્માર્ટ સિટી અમદાવાદની મ્યુનિસિપલ કોર્પોરેશનની સામાન્ય સભામાં વિપક્ષ દ્વારા મેયર અને મ્યુનિસિપલ કમિશનરને શહેરમાં પડેલા ભારે વરસાદના કારણે ભરાયેલા વરસાદી પાણીથી નાગરિકોને થયેલી હાલાકીને લઈને આડે હાથ લીધા હતા. પૂર્વ વિપક્ષના નેતા અને દાણીલીમડા વોર્ડના કોર્પોરેટર શહેજાદખાન પઠાણે સામાન્ય સભામાં રજૂઆત કરતા જણાવ્યું હતું કે, અમદાવાદ શહેર આખું પાણીમાં ડૂબી ગયું હતું. દેશમાં પેપર લીક થાય છે ત્યારે શિક્ષણ મંત્રીનું રાજીનામું લેવામાં આવે છે તો અમદાવાદ આખું વરસાદ ડૂબી થઈ ગયું હતું ત્યારે કોનું રાજીનામું લેવામાં આવશે અને કોણ જવાબદારી લેશે ? બોપલ અને ઘુમાનો કોર્પોરેશનની હદમાં સમાવેશ કરી લીધો પણ તેનો વિકાસ કરી શક્યા નહીં અને અમીર લોકોના ઘરોમાં પણ પાણી ભરાઈ ગયા હતા. અમદાવાદ શહેરમાં પશ્ચિમ વિસ્તારમાં ખૂબ વરસાદ પડ્યો હતો ત્યારે પૂર્વ વિસ્તારમાં પણ ભારે વરસાદ પડ્યો તો જેમાં બાપુનગર અને ગોમતીપુર સહિતના વિસ્તારોમાં પણ વરસાદ પડ્યો હતો.

### ‘ભાજપના રાજમાં તો ટ્રેક્ટર લઈને જવું પડે છે’

સામાન્ય સભામાં તેઓએ વધુમાં રજૂઆત કરી હતી કે કોંગ્રેસના સમયમાં શહેરમાં બોટો ચાલતી હોવાની વાતો કરવામાં આવતી હતી પરંતુ ભાજપના રાજમાં તો હવે ટ્રેક્ટર લઈને જવું પડે છે. બોડ ચાલે છે તેની સામે હવે ટ્રેક્ટર ચલાવવું પડે એવી સ્થિતિ ઊભી થઈ છે. છેલ્લા 21 વર્ષથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ભાજપની સત્તા છે તેમ છતાં પણ શહેર આખું પાણીમાં ડૂબી ગયું અને આર્મી ઉતારવી પડે એવી સ્થિતિ ઊભી થઈ ગઈ હતી. અમદાવાદમાં કોમનવેલ્થ ગેમ રમવાની છે ત્યારે ચોમાસામાં કોમનવેલ્થ ગેમ ન રમાડવા તેમણે રજૂઆત કરતા કહ્યું હતું કે, વિશ્વ કક્ષાના સ્વિમિંગ પૂલ તો અમદાવાદના રોડ જ બની ગયા છે.

### કરોડોનું બજેટ હોવા છતા વરસાદી પાણીના નિકાલની લાઈનનું કામ ન થયું

સામાન્ય સભામાં તેઓએ વધુમાં રજૂઆત કરી હતી કે કોંગ્રેસના સમયમાં શહેરમાં બોટો ચાલતી હોવાની વાતો કરવામાં આવતી હતી પરંતુ ભાજપના રાજમાં તો હવે ટ્રેક્ટર લઈને જવું પડે છે. બોડ ચાલે છે તેની સામે હવે ટ્રેક્ટર ચલાવવું પડે એવી સ્થિતિ ઊભી થઈ છે. છેલ્લા 21 વર્ષથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ભાજપની સત્તા છે તેમ છતાં પણ શહેર આખું પાણીમાં ડૂબી ગયું અને આર્મી ઉતારવી પડે એવી સ્થિતિ ઊભી થઈ ગઈ હતી.



#### 500 વિદ્યાર્થીઓનું વર્ષ બગડ્યાનો દાવો

# શહેરની જે.જી. યુનિવર્સિટીમાં ATKT મુદ્દે ABVPનો દેખાવો: રજિસ્ટ્રારે કરી સ્પષ્ટતા





**વિદ્યાર્થી નેતાઓએ આરોપ લગાવ્યો હતો કે પ્રશાસનને માત્ર જાહેરાતો આપવામાં રસ છે, વિદ્યાર્થીઓના પ્રશ્નો પ્રત્યે તેઓ બેધ્યાન છે. ABVPના આક્ષેપો સામે જે.જી. યુનિવર્સિટીના રજિસ્ટ્રારે નિયમો ટાંકીને પ્રશાસનનો પક્ષ રજૂ કર્યો હતો**

**અમદાવાદ**


અમદાવાદની જે.જી. યુનિવર્સિટીમાં પૂરક પરીક્ષા પાસ કર્યા બાદ પણ 500થી વધુ વિદ્યાર્થીઓને આગલા સેમેસ્ટરમાં પ્રવેશ ન મળતા ABVPએ ઉગ્ર રજૂઆત કરી હતી. ABVPએ અભ્યાસક્રમ રીશેડ્યુલ કરવાની માંગ કરી. જોકે, યુનિવર્સિટી પ્રશાસને 125 જેટલા વિદ્યાર્થીઓ જ નિયમાનુસાર પ્રમોટ ન થયા હોવાનું જણાવી, આખી ઘટનાને ગેરસમજ ગણાવી હતી.

અમદાવાદની જે.જી. યુનિવર્સિટીમાં પૂરક પરીક્ષા પાસ કર્યા બાદ પણ વિદ્યાર્થીઓને આગલા સેમેસ્ટરમાં પ્રવેશ ન મળવા અંગે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (ABVP) દ્વારા ઉગ્ર રજૂઆત કરવામાં આવી છે. એક તરફ ABVP વિદ્યાર્થીઓના અભ્યાસના બગાડનો દાવો કરી રહ્યું છે, તો બીજી તરફ યુનિવર્સિટી પ્રશાસને આ મામલે સ્પષ્ટતા કરતા આખી ઘટનાને ગેરસમજ ગણાવી છે.

ABVPના સહ-મંત્રીએ યુનિવર્સિટી પ્રશાસનને આવેદનપત્ર સોંપીને વિદ્યાર્થીઓના હિતમાં તાત્કાલિક પગલાં ભરવાની માગ કરી હતી. ABVPની મુખ્ય રજૂઆતો છે કે 500થી વધુ વિદ્યાર્થીઓને પ્રવેશથી વંચિત રાખવાનો દાવો: પૂરક પરીક્ષા પાસ કરી હોવા છતાં 500 જેટલા વિદ્યાર્થીઓને આગલા સેમેસ્ટરમાં પ્રવેશ આપવામાં આવ્યો નથી. અભ્યાસક્રમ રીશેડ્યુલ કરવાની માગ: વિદ્યાર્થીઓનો એક મહિનાથી વધુ સમયનો અભ્યાસ બગડ્યો હોવાથી તેમને ત્વરિત પ્રવેશ આપીને છૂટી ગયેલો અભ્યાસક્રમ ફરીથી ચલાવવામાં આવે. યુનિવર્સિટી સવારે સાડા સાત વાગ્યાથી શરૂ થઈ ગઈ હોવા છતાં વાઈસ ચાન્સેલર (VC) હાજર ન રહેતા ABVPએ નારાજગી વ્યક્ત કરી હતી. વિદ્યાર્થી નેતાઓએ આરોપ લગાવ્યો હતો કે પ્રશાસનને માત્ર જાહેરાતો આપવામાં રસ છે, વિદ્યાર્થીઓના પ્રશ્નો પ્રત્યે તેઓ બેધ્યાન છે. ABVPના આક્ષેપો સામે જે.જી. યુનિવર્સિટીના રજિસ્ટ્રારે નિયમો ટાંકીને પ્રશાસનનો પક્ષ રજૂ કર્યો હતો. નિયમ મુજબ પ્રમોશન: જે વિદ્યાર્થીઓના પરિણામ જાહેર થઈ ગયા છે અને જેમને 4 કે તેથી ઓછી ATKT (બ્લોક) છે, તેવા તમામ વિદ્યાર્થીઓને અગાઉથી જ પ્રમોટ કરીને ક્લાસમાં બેસવા દેવામાં આવ્યા છે. યુનિવર્સિટી સામાન્ય રીતે નવેમ્બર-ડિસેમ્બરમાં લેવાતી રેમેડિયલ (પૂરક) પરીક્ષા જૂન મહિનામાં જ યોજી લે છે, જેથી વિદ્યાર્થીઓનું આખું વર્ષ બગડે નહીં.

#### ઍરપૉર્ટ પર દુબઈની ફ્લાઇટમાંથી ઉતરેલી

# મહિલા મુસાફર પાસેથી 35 લાખનું સોનું ઝડપાયું



**અમદાવાદ**

અમદાવાદ ઍરપૉર્ટ પર કસ્ટમ્સના AIU દ્વારા મોટી કાર્યવાહી કરાઈ છે. દુબઈથી આવેલી એક મહિલા મુસાફરના શરીરમાંથી 35.84 લાખની કિંમતનું 244.16 ગ્રામ સોનું જપ્ત કરવામાં આવ્યું હતું. DRIની બાતમીના આધારે ફ્લાય દુબઈની ફ્લાઇટ FZ 437 મારફતે આવેલી શંકાસ્પદ મહિલાને રોકી તપાસ કરતાં આ પેસ્ટ સ્વરૂપે સોનું મળ્યું હતું. કસ્ટમ્સ ઍક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ ચાલુ છે. અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય ઍરપૉર્ટ પર અમદાવાદ કસ્ટમ્સના એર ઈન્ટેલિજન્સ યુનિટ(AIU) દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી છે. દુબઈથી આવેલી એક મહિલા મુસાફર પાસેથી પોતાના શરીરમાં છુપાવેલી સોનાની પેસ્ટ રિકવર કરી 35.84 લાખ રૂપિયાની કિંમતનું 244.16 ગ્રામ (24 કેરેટ) સોનું જપ્ત કરવામાં આવ્યું છે.

કસ્ટમ અધિકારીઓના જણાવ્યાનુસાર, 28મી જુલાઈના રોજ ડિરેક્ટોરેટ ઑફ રેવન્યુ ઈન્ટેલિજન્સ(DRI) તરફથી ઈનપુટ્સ મળ્યા હતા. જેના આધારે, દુબઈથી ફ્લાયદુબઈની ફ્લાઈટ નંબર FZ 437 મારફતે અમદાવાદ પહોંચેલી શંકાસ્પદ મહિલા મુસાફરને AIUના અધિકારીઓએ લેન્ડિંગ થતાં જ અટકાવી હતી.

#### કામરેજમાં ટાઇટલ ક્લિયર વિના જમીન બતાવી 1.56 કરોડની ચીટિંગ!

# અમદાવાદની પ્રખ્યાત 'પતંગ હોટેલ'ના માલિક ઉમંગ ઠક્કરની સુરતમાં ધરપકડ

### પ્રોજેક્ટ દર્શાવવામાં આવ્યો હતો તે જમીન વર્ષ 2018માં જ અન્ય વ્યક્તિને વેચાઈ ચૂકી હતી

**અમદાવાદ**

અમદાવાદ શહેરની શાન ગણાતી અને સાબરમતી રિવરફ્રન્ટ પર આવેલી પ્રખ્યાત રિવોલ્વિંગ રેસ્ટોરન્ટ ’પતંગ હોટેલ’ના માલિક અને બિલ્ડર ઉમંગ ઠક્કર સામે સુરત પોલીસે આકરી કાનૂની કાર્યવાહી હાથ ધરી છે. કામરેજ વિસ્તારમાં ટાઈટલ ક્લિયર ન હોય તેવી જગ્યા પર પ્રોજેક્ટના નામે ૧૫ જેટલા રોકાણકારો પાસેથી રૂ. ૧.૫૬ કરોડ જેટલી રકમ પચાવી પાડવાના ગંભીર આરોપમાં કામરેજ પોલીસે ઉમંગ ઠક્કરની ધરપકડ કરી લીધી છે.




મળતી વિગતો અનુસાર, આરોપી બિલ્ડર ઉમંગ ઠક્કર અને તેની કંપની દ્વારા સુરતના કામરેજ વિસ્તારમાં એક રિયલ એસ્ટેટ પ્રોજેક્ટ બતાવીને રોકાણકારોને આકર્ષવામાં આવ્યા હતા. પ્રોજેક્ટની જમીનના ટાઈટલ ક્લિયર (Legal Title Clearance) ન હોવા છતાં, ઊંચા વળતર અને સુંદર સ્કીમની લાલચ આપીને અલગ-અલગ ૧૫ જેટલા લોકો પાસેથી કરોડો રૂપિયા એડવાન્સ પેટે ઉઘરાવી લેવામાં આવ્યા હતા.

રોકાણકારોના આક્ષેપ મુજબ, સમય વિત્યા છતાં ન તો પ્રોજેક્ટનું કામ આગળ વધ્યું કે ન તો તેમના નાણાં પરત મળ્યા. જ્યારે રોકાણકારોએ જમીનના કાગળો અને ટાઈટલની તપાસ કરી ત્યારે માલૂમ પડ્યું હતું કે જમીન કાયદાકીય રીતે સ્પષ્ટ નહોતી. પોતાની સાથે રૂ. ૧.૫૬ કરોડની છેતરપિંડી થઈ હોવાનું ભાન થતાં જ પીડિતોએ પોલીસનો સંપર્ક કર્યો હતો.

પીડિતોની ફરિયાદના આધારે સુરતની કામરેજ પોલીસે ઉમંગ ઠક્કર સામે ગુનાહિત વિશ્વાસઘાત અને છેતરપિંડી (Cheating & Fraud) સહિતની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધીને તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.

તપાસ દરમિયાન મળેલા પુરાવાઓના આધારે પોલીસે અમદાવાદની ’પતંગ હોટેલ’ના માલિક ઉમંગ ઠક્કરની વિધિવત રીતે ધરપકડ કરી લીધી છે. શું આ સિવાય અન્ય લોકો પણ આ ફ્રોડ સ્કીમનો ભોગ બન્યા છે? ઉઘરાવેલા ૧.૫૬ કરોડ રૂપિયા ક્યાં ટ્રાન્સફર કે રોકાણ કરવામાં આવ્યા હતા?

# સેન્ટ ઝેવિયર્સ કોલેજમાંથી વિદ્યાર્થીના બે લેપટોપ ચોરાયા

**અમદાવાદ**

અમદાવાદની જાણીતી સેન્ટ ઝેવિયર્સ કોલેજમાં આવેલી લાયબ્રેરીની બહાર બેગ મૂકીને ફોન પર વાત કરી રહેલા વિદ્યાર્થીના બેગમાંથી કોઈ અજાણ્યો શખસ બે લેપટોપ ચોરી કરી ફરાર થઈ ગયો હતો. આ ઘટના અંગે વિદ્યાર્થીએ ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે ચોરની શોધખોળ હાથ ધરી છે.

મણિનગરમાં રહેતો અને સેન્ટ ઝેવિયર્સ કોલેજમાં BCAનો અભ્યાસ કરતા એલેન્સી ક્રિશ્ચિયને નોંધાવેલી ફરિયાદ મુજબ, તે સવારે 9 વાગ્યે કોલેજની

લાયબ્રેરીમાં ગયો હતો. તે સમયે મિત્રનો ફોન આવતાં તે પોતાનું બેગ લાયબ્રેરી રૂમની બહાર મૂકીને વાત કરવા ગયો હતો.

અડધા કલાક બાદ જ્યારે તેણે બેગ ઊંચક્યું ત્યારે વજન ઓછું લાગતાં શંકા ગઈ હતી. બેગ ખોલીને જોતાં અંદર રાખેલું પોતાનું અને મિત્રનું એમ કુલ બે લેપટોપ ગાયબ હતા.

આસપાસના રૂમ અને લાયબ્રેરીમાં શોધખોળ કરવા છતાં લેપટોપ ન મળતાં કોઈ અજાણ્યો શખસ તે ચોરી ગયો હોવાનું સ્પષ્ટ થયું હતું. આ અંગે એલેન્સીએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. ઘટનાસ્થળના સીસીટીવી ફૂટેજ ચકાસતાં એક અજાણ્યો વ્યક્તિ બે લેપટોપ ચોરીને લઈ જતો નજરે પડ્યો હતો. હાલ ગુજરાત યુનિવર્સિટી પોલીસે આ ફૂટેજના આધારે આગળની તપાસ હાથ ધરી છે.

#### અમદાવાદના દરિયાપુરમાં મુશળધાર વરસાદથી મોટી દુર્ઘટના

# ડગરવાડના મન્સૂરી મોહલ્લામાં જર્જરિત મકાન ધરાશાયી, વૃદ્ધાનું મોત, બેનું રેસ્ક્યુ

**અમદાવાદ**

અમદાવાદ શહેરમાં સતત વરસી રહેલા ભારે વરસાદના કારણે જૂના અને જર્જરિત મકાનો ધરાશાયી થવાની ચોંકાવનારી ઘટનાઓ સામે આવી રહી છે. શહેરના મધ્યમાં આવેલા દરિયાપુર વિસ્તારના ડગરવાડમાં આવેલ મન્સૂરી મોહલ્લામાં મોડી રાત્રે એક જૂનું અને જર્જરિત મકાન અચાનક ધરાશાયી થયું હતું. આ દુર્ઘટનામાં એક વૃદ્ધાનું કરુણ મોત નિપજ્યું છે, જ્યારે અન્ય એક વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ થઈ છે.



મળતી વિગતો અનુસાર, અમદાવાદમાં મોડી રાત્રે પડેલા મુશળધાર વરસાદના કારણે દરિયાપુર ડગરવાડના મન્સૂરી મોહલ્લામાં આવેલું એક જર્જરિત મકાન ધડાકાભેર ધરાશાયી થઈ ગયું હતું. મકાન ધરાશાયી થતાં જ આસપાસના વિસ્તારમાં ભારે અફરાતફરી અને અરેરાટી વ્યાપી ગઈ હતી. ઘટનાની જાણ થતાં જ અમદાવાદ ફાયર બ્રિગેડનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો.

ફાયર વિભાગની ટીમે કાટમાળ નીચે ફસાયેલા લોકોને બહાર કાઢવા માટે યુદ્ધના ધોરણે રેસ્ક્યુ ઓપરેશન હાથ ધર્યું હતું. ફાયર બ્રિગેડની ટીમે ભારે જહમત બાદ કાટમાળ નીચેથી બે લોકોને સુરક્ષિત બહાર કાઢ્યા હતા. જોકે, આ કરુણ દુર્ઘટનામાં એક વૃદ્ધ મહિલાનું ઘટનાસ્થળે જ દબાઈ જવાથી મોત નિપજ્યું હતું. જ્યારે કાટમાળ નીચેથી રેસ્ક્યુ કરાયેલી અન્ય એક વ્યક્તિને ગંભીર ઈજાઓ પહોંચી હોવાથી તેને તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે.

ઘટનાને પગલે સ્થાનિક પોલીસે પણ સ્થળ પર પહોંચી આગળની કાનૂની કાર્યવાહી હાથ ધરી છે. ચોમાસાની ઋતુમાં કોટ વિસ્તારમાં આવેલા અનેક જૂના અને જર્જરિત મકાનો નાગરિકો માટે જીવંત બોમ્બ સમાન સાબિત થઈ રહ્યા છે, ત્યારે પાલિકા તંત્ર દ્વારા આવા જોખમી મકાનો સામે યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી સ્થાનિકો માંગ કરી રહ્યા છે.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI